3૯૯૬

મુસલમાની વખતનો
હિંદુસ્તાનનો ઇતિહાસ.

પ્રકરણ ૧ લું.

મુસલમાની ધર્મનો ઉદય:—એ ધર્મ ચલાવનાર મહ- પેગમ્બર અરબસ્તાનના મક્કા શહેરમાં ઈ. સ. ૫૭૦માં ન્મ્યો હતો. એણે ઈ. સ. ૬૦૯ માં પોતાનો મત ચલાવી ાન નામે ધર્મ પુસ્તક રચ્યું, અને તેમાં લોકોને સમજા- કે "પરમેશ્વર એકછે, સૂરજ, ચંદ્ર, તારા, અગ્નિ વિગે- પૂજવામાં ફળ નથી, બધા મુસલમાનોને પોતાના ભાઈ માણે ગણવા, અને બીજા ધર્મના લોકોને મુસલમાની ર્મમાં લાવવાથી પુણ્ય થાય છે, તથા ધર્મ ફેલાવવામાં મ- ણ પામનાર સ્વર્ગે જાય છે, પરમેશ્વરનો પેગમ્બર મહમદ છે"

આ નવા ધર્મથી અરબસ્તાનમાં વસનાર આરબો તેના ર કોપ્યા, ને તેને મારી નાંખવાનો ઠરાવ કર્યો, તેથી તે સ. ૬૨૨ માં મદીને નાશી ગયો. ત્યારથી મુસલમાનો રીસન ગણે છે. હીજરી એ અરબી ભાષાના શબ્દનો ર્થ નાશી જવું એવો થાયછે. મહમદ ઈ. સ. ૬૩૨ માં ત્યુ પામ્યો. તે વખતે આખા અરબસ્તાનમાં તેનો ધર્મ ાયો હતો. તેના મરણ પછી આરબોએ આસપાસના

દેશોમાં બળાત્કારે તે ધર્મનો ફેલાવો કર્યો. મહો-
જે ગાદીએ બેઠા તે ખલીફા કહેવાતા. એ બ
ઈરાન દેશ જીતી ત્યાં મુસલમાની ધર્મ ચલાવ્યો. તે
ઇરાનના ઘણા ખરા પારસીઓ પોતાનો વહાલો ધર્મ
તજતાં હિંદમાં આવી વસ્યા. વળી મુસલમાનો અફગા
સ્તાન જીતી હિંદ ઉપર આવવા લાગ્યા. એ પ્રમાણે મ
મદ પેગમ્બરના મરણ પછી સોવરસ સુધીમાં ઈરાન,
કૂર્દસ્તાન, અફગાનિસ્તાન વિગેરે દેશો વશ કરી શક્યા.

સિંધપર ચઢાઈ:—આરબોએ પ્રથમ જળમાર્ગે હિંદ
કેટલાંક બંદરોપર ચઢાઇ કરી હતી, પરંતુ તેમનું કંઈ
નહોતું. છેલ્લે એક આરબી વહાણ કોઇ હિંદી રાજાએ
જ કર્યું હતું. તેની નુકશાની ભરી લેવા માટે ખલી
લીદે મહમદ કાસમ નામના સરદારને સિંધપર મો
તેણે ઈ. સ. ૭૧૨ માં સિંધમાં દેવળગામ (કરાંચી
ના દાહીર રાજા ઉપર ચઢાઇ કરી. દાહીર બહુ બહા
લડ્યો, પણ હાર્યો ને માર્યો ગયો. તેથી તેની રાણી
ના સૈન્ય સહિત નગરઠઠે ગઈ. કાસીમ ત્યાં ગયો, ત્યારે
ના રજપૂતોએ પોતાનાં બૈરાં છોકરાંને બાળી મૂકી કેશર
યાં કર્યાં. કાસીમે સિંધ જીત્યું. પણ ખલીફ વાલીદના મ
ણ પછી બીજો ખલીફ થયો, તેની એ કાસીમ ઉપર ઇત-
રાજી થઇ. તેથી ઇ. સ. ૭૧૪ માં તેને કોઇએ મારી તે
માથું ખલીફ પાસે મોકલાવ્યું. મહમદના મરણ પછી ર

ફ્રૂતોએ સિંધ ફરીને પોતાને કબજે કર્યો.

જ મુસલમાનો હિંદપર હુમલા કરવા લાગ્યા તે વખતે હિંસ્તાનમાં પંજાબ, કલીંજર, કનોજ વગેરે જુદાં જુદાં રાજ્યો હતાં. પરંતુ પરદેશી દુસ્મનોની સામે લઢવાને તેઓ સંપસંપી એક બીજાને મદદ કરતા, તેથી મુસલમાનો ફાવી શક્તા નહીં, માટે સિંધ ઉપરના હુમલા પછી લગભગ ત્રણસેં વરસ સુધી મુસલમાનો હિંદમાં આવ્યા નહીં. છેલે ઇ. સ. ૯૬૨ માં અફગાનિસ્તાનના ધિજની શહેરમાં મુસલમાની રાજ સ્થપાયું, અને ત્યાંના મુસલમાનો પંજાબ વિગેરે હદ ઉપરના પ્રાંતોમાં લૂટફાટ કરવા લાગ્યા.

ધિજની વંશ. ૯૬૨–૧૧૮૬

આરબો તુર્કસ્તાનમાંથી ગુલામો પકડી લાવ્યા હતા, તેમાંના નાશી આવેલા અલપ્તગીન નામે ગુલામે ઈ. સ. ૯૬૨ માં ધિજનીમાં રાજ સ્થાપ્યું, ને તેની આસપાસના પ્રાંતો જીતી લીધા. તે ઈ.સ. ૯૭૭ માં મરણ પામ્યો. તેના પછી તેનો જમાઈ સબક્તગીન ગાદી ઉપર બેઠો. તેના વખતમાં હિંદની સરહદના પ્રાંતોમાં મુસલમાનો લૂટફાટ કરવા લાગ્યા. તેથી હિંદુ રાજ્યોને ધણી ધાસ્તી પેઠી, ને તેઓ મુસલમાન સાથે લઢવાને તૈયાર થયા. પ્રથમ લાહોરનો જયપાળ રાજા ફોજ લઇ સબક્તગીન ઉપર ચઢયો, તેમાં જયપાળ હાર્યો. તેથી પચાસ હાથી તથા અઢી લાખ રૂપિઆ આપવા કબૂલ કરી પાછો આવ્યો. લાહોર આવ્યા પછી સરત

ના.

પ્રમાણે ખંડણી મોકલી નહીં. તેથી સબક્તગીન ચઢી આવ્યો, ને ખંડણી લઈ પેશાવરમાં થાણું બેસાડી પાછો ગયે ઈ. સ. ૯૯૭ માં સબક્તગીન મરણ પામવાથી તેનો દાને પુત્ર મહમદ ગાદી ઉપર બેઠો. તેણે હિંદપર સતર ચઢઓ કરી, તેમાંની તેર પંજાબનો પશ્ચિમ ભાગ જીતવા કરી હતી. તેની સતર ચઢાઈઓમાંની બાર જાણવા લાયકની હકીકત નીચે આપી છે.

૧ લી. લાહોરના જયપાળ રાજાએ ખંડણી અટકાવાથી ઈ. સ. ૧૦૦૧ માં મહમદ સુલતાન તેનાપર ચઢી આવ્યો ને હરાવી અપમાન કર્યું. તેથી જયપાળ પોતાના દીકરા અનંગપાળને રાજ સોંપી પોતે બળી મુઓ.

૨ જી. ઈ. સ. ૧૦૦૪ માં ભાટીયાના રાજા ઉપર । તેને હરાવ્યો.

૩ જી. ઈ. સ- ૧૦૦૫ માં મુલતાન ઉપર.

૪ થી. લાહોરના રાજા અનંગપાળ ઉપર—અનંગપાળે મુસલમાનોનું બળ તોડવા ભારે તૈયારી કરી. દિલ્લી, અજમેર, કલીંજર, કનોજ વિગેરેના રાજાઓને પોતાની મદદે બોલાવી, ઈ. સ. ૧૦૦૮ માં પેશાવર આગળ મહમૂદ સાથે લઢવા ગયો. આ લઢાઈમાં રજપુતાણીઓએ પોતાનાં ઘરેણાંગાંઠાં વેચી હિંદુરાજાને મદદ મોકલી હતી, અને પહાડી લોકો ડુંગરમાંથી છરા, તરવાર, વગેરે હથિઆર લઈ મુસલમાન સામે લઢવા ઉતરી આવ્યા હતા. જોસ ભેર લઢા-

ઈ ચાલી, તેવામાં અનંગપાળના હાથીને તીર વાગવાથી તે ઘોડા ઉપર બેઠો, તેથી તેના લસ્કરના જોવામાં તે આવ્યો નહીં, એટલે તેમણે પાછા હઠી નાસવા માંડ્યું, અને મુસલમાનોની જીત થઈ. નાસતાં નાસતાં વીશહજાર હિંદુઓ માર્યા ગયા. ત્યાંથી જઇ મહમૂદે નગરકોટનું દેરૂં લૂટ્યું, ને તેમાંથી પુષ્કળ ધન લઇ ગયો.

૫ મી. સ્વારી. ઇ.સ. ૧૦૧૦માં મુલતાનપર કરીતે જીત્યું.

૬ ઠી. ઈ. સ. ૧૦૧૪ માં જમના ઉપરનું સ્થાનેશ્વરનું દેરૂં લૂટવાને કરી.

૭ મી. ઇ. સ. ૧૦૧૫માં કાશ્મીર ઉપર તેમાં મહમુદહાર્યો.

૮ મી. ઈ. સ. ૧૦૧૯ માં કનોજ ઉપર કરી. ત્યાંનો રાજા તાબે થવાથી મહમુદે તેની સાથે દોસ્તી બાંધી. પછી ત્યાંથી મથુરાં જઈ તે શહેર લૂટ્યું. તથા ત્યાંનાં મંદીરો બાળી મૂક્યાં, પણ કેટલાંકની સુંદરતા જોઈ મહમુદ છક થઈ ગયો. ને તેવાં મકાનો ઘિજનીમાં બંધાવવાનો તેને શોખ થયો, તેથી કેટલાક કારીગરોને પકડી ઘિજની લઈ ગયો. ને ત્યાં સારાં સારાં મકાનો બંધાવ્યાં.

૯ મી. ઈ. સ. ૧૦૨૨ માં કલીંજરના રાજા ઉપર સ્વારી કરી તેને હરાવ્યો.

૧૦ મી સ્વારી બીજીવાર કાશ્મીર ઉપર કરી પણ ત્યાં ફાવ્યો નહીં.

૧૧ મી. ઇ. સ. ૧૦૨૩ માં કલીંજર તથા ગ્વાલીઅરના

રાજા ઉપર ચઢાઇ કરી, તેમણે ધન આપી મહમુદને પાછો કાઢયો. પાછા જતાં લાહોરના રાજા બીજા જયપાળ (અનંગપાળનો દીકરો) ને હરાવી લાહોર ખાલસા કર્યું.

૧૨ મી. ઈ. સ. ૧૦૨૪ માં ગૂજરાતમાં આવેલા પ્રભાસપાટણ નગર ઉપર ત્યાંનું સોમનાથનું દેરૂં લૂટવાને કરી. એ દેરાનું રક્ષણ કરવા કેટલાક રાજાઓ આવ્યા હતા તેમ ને મહમુદે હરાવ્યા, છેલ્લે ગૂજરાતના રાજા ભીમદેવે બહુ બહાદુરીથી યુદ્ધ કર્યું, પણ તે હાર્યો, ને નાશી ગયો. પછી મહમુદે સોમનાથનું દેરૂં લૂટી તેમાંની મુર્તિઓ તોડી નાંખી ને બહુ ધન સ્વદેશ લઇ ગયો. સિંધના રણમાં થઇ પાછા જતાં તે ભૂલો પડ્યો. ત્યાં પાણી વિના તેને બહુ દુઃખ ભોગવવું પડયું. ને તેનાં ઘણાં માણસો પાણી વિના તરફડી મૂઆં. ત્યાર પછી મહમદ સુલતાન હિંદુસ્તાનમાં આવ્યો નહીં. પણ ઈરાન જીતી લઈ ઇ.સ. ૧૦૩૦ માં તેત્રીશ વરસ રાજ કરી મરણ પામ્યો.

સ્વારીઓ કરવાનો તેનો હેતુ રાજ મેળવવાનો નહોતો. પણ હિંદુઓને લૂટવા, તેમને વટાળવા, ને તેમનાં દેરાં તોડવાં એ હતો. એ પાદશાહ બહાદુર, ધર્માંધ, કઠોર મનનો, નિર્દયને લોભી હતો. એણે ઘિજનીમાં પાઠશાળા સ્થાપી, તથા ફીર્દુશી કવિપાસે ઇરાનનો કવિતારૂપ ઇતિહાસ રચાવ્યો. વિગેરે વિદ્યાના કામમાં મદદ કરી તેથી મુસલમાન લોકો તેને વખાણેછે.

મહમુદ સુલતાન પછી તેની ગાદી ઉપર મસાઊદ વગેરે આઠ પાદશાહો થયા તેમના વખતમાં હિંદના ઇતિહાસમાં નોંધવા જેવા કંઈ બનાવ બન્યા નથી. તેપછી. ઈ. સ. ૧૧ ૧૮માં બેહેરામ નામે પાદશાહ ઘિજનીની ગાદીએ થયો. તેણે પોતાનો જમાઈ જે ગોરપ્રાંતનો સૂબો હતો તેને મારી નાંખ્યો, ઈ. સ. ૧૧૫૨. તેથી તે મરનારના ભાઇ અલાઉદ્દીને આવી, બેહેરામને હરાવ્યો. ને ઘિજની શહેર બાળી મૂક્યું. બેહેરામ હિંદુસ્તાન ભણી નાઠો પણ રસ્તામાં મરણ પામ્યો. ને તેનો દીકરો ખુશરૂ લાહોરમાં આવી રાજ કરવા લાગ્યો. ને ત્યાં સાત વરસ રાજ કરી. ઈ. સ. ૧૧૫૯ માં મરણ પામ્યો. તેના પછી તેનો દીકરો ખુશરૂ મલેક ગાદી ઉપર બેઠો. પણ ગોરી પાદશાહ શાહબુદ્દીને તેને મારી. ઈ. સ. ૧૧૮૬માં પંજાબ જીતી લીધું એ રીતે ઘિજની વંશનો અંત આવ્યો.

પ્રકરણ ૨ જું.

ગોરીવંશ. ૧૧૫૨. ૧૨૧૨. ૬૦

ચોપાઈ—ગ્યાસુદ્દીન શાહબુદ્દીન ભાઈ, ગાઢીગાંઠ જાણે મિત્રાઇ;
હવો બત્રિજો મહમુદ નામ, રાજ પચાવી પડ્યા ગુલામ.

અલાઉદ્દીન—૧૧૫૨–૧૧૫૬ એનું રાજ અફગાનિસ્તાનની ઉત્તરે ગોર પ્રાંતમાં હતું. તેણે બેહેરામને હરાવી

ગિજની શેહર બાળી નાંખ્યું. તેથી તે અલાઉદ્દીન જહાંસોજ કહેવાયછે. અને તેના વંશનાઓને ગોરી પાદશાહ કહેછે. એ અલાઊદ્દીન ગિજનીમાં ચાર વરસ રાજકરી મરણ પામ્યો. પછી તેના દમ વગરના પુત્ર પાસેથી તેના પિત્રાઈ ભાઇઓએ રાજ લીધું.

ગ્યાસુદ્દીન—૧૧૫૭-૧૨૦૨ એને શાહબુદ્દીન નામે એક ભાઇ હતો. તે બંને ભાઇઓ એક બીજાને ઘણા ચહાતા હતા.

ગ્યાસુદ્દીન મુલકનો બંદોબસ્ત રાખતો અને શાહબુદ્દીન લડાઇનું કામ ચલાવતો. શાહબુદ્દીન ગોરીએ મહમુદ ગિજનવીની પેઠે હિંદુસ્તાનના પૈસાથી લોભાઇને તે જીતવા સારૂ નવ સ્વારીઓ કરી.

પહેલી સ્વારી. ઈ. સ. ૧૧૭૬માં ગુજરાતના રાજા ભોળા ભીમ ઉપર કરી, પણ તેમાં તેને હારીને પાછું જવું પડયું. ત્યારપછી ઈ. સ. ૧૧૮૬માં પંજાબ ઉપર ચઢીઆવી ખુશરૂ મલેકનું રાજ લઈ લીધું. ને તેને કુટુંબસહિત કેદ કરી ગિજની વંશનો અંત આણ્યો. પછી. ઈ. સ. ૧૧૯૧ માં દિલ્લીના રાજા પૃથુરાજ ઉપર સ્વારી કરી. તેમાં સ્થાનેશ્વર આગળ પૃથુરાજે તેને હરાવ્યો.

એ વખતે હિંદુસ્તાનમાં રજપૂતોનાં પાંચ મોટાં રાજ્ય હતાં. ૧ દિલ્લીમાં તોમાર જાતના રજપૂત રાજા અનંગપાપાળનું. ૨ અજમેરમાં ચોહાણ રાજા સોમેશ્વરનું. ૩ કનોજ-

માં રાઠોડ રાજા જયચંદ્રનું. ૪ ગૂજરાતમાં સોળંકી રાજા ભીમદેવનું, અને ૫મું ચિતોડમાં સીસોદીઆ રાણાઓનું રાજ હતું. એ મોટાં રાજ્ય વાળાઓ સંપસંપી એક બીજાને પરદેશી દુશ્મનોની સામે થવામાં મદદ કરતા. તેથી ઘણીવાર મુસલમાનોને હારી પાછું જવું પડયું હતું.

રજપૂતોનો કુસંપ:—થોડા વખત પછી ઉપરનાં રજપૂત રાજ્યો વચ્ચે કુસંપ થયો. તેથી મુસલમાનોને તેમની જોડે લઢવું ઠીક પડયું. દિલ્હીના રાજા અનંગપાળને બે કુંવરીઓ હતી. તેમાંની એક અજમેર અને બીજી કનોજ પરણાવી હતી. તેથી અજમેરના રાજા સોમેશ્વરનો કુંવર પૃથુરાજ અને કનોજ વાળીનો કુંવર જયચંદ્ર એ બે તેના દોહીત્ર થતા. તેમ છતાં અનંગપાળે મરતી વખતે પોતાને દીકરો નહીં હોવાથી પોતાનું દિલ્હીનું રાજ પૃથુરાજને આપ્યું અને જયચંદ્રને ન આપ્યું. તેથી એ બે મસી ભાઇને માંહોમાંહે કલહ થયો. વળી જયચંદ્રે પોતાની કુંવરીનો સ્વયંવર કર્યો. તેમાં પૃથુરાજે તે કુંવરીનું હરણ કર્યું. તેથી તે બંને વચ્ચે લઢાઈ ચાલી. તેથી બંને રાજ્યો લઢીને નબળાં પડયાં. વળી ગૂજરાતના રાજા ભોળાભીમને અને પૃથુરાજને પણ અણબનાવ થયો. તેનું કારણ એવુંછેકે, આબુના રાજા જેતસીંહ પરમારને એક કુંવરી હતી, તેનો વિવાહ પૃથુરાજ સાથે કર્યો હતો. છતાં ભીમદેવે તેનું માગું મોકલ્યું. તેથી આબુપતિએ ના કહાવી અને કુંવરીને અજમેર મોકલી

દીધી, માટે ભોળાભીમે અજમેર ઉપર ચઢાઈ કરી પૃથુરાજના બાપ સોમેશ્વરને માર્યો. બાપનું વેર લેવા પૃથુરાજે ગુજરાત ઉપર ચઢાઈ કરી ભીમદેવને હરાવ્યો.

આ પ્રમાણે રજપૂતોમાં કુસંપ જોઈ શાહબુદ્દીન ફરીને ઈ. સ. ૧૧૯૩માં પૃથુરાજ ઉપર ચઢી આવ્યો. ને પાણીપતના મેદાનમાં તેને હરાવી મારી નાંખ્યો, તથા દિલ્લી અને અજમેર જીતી લીધાં. ઈ. સ. ૧૧૯૪માં કનોજ ઉપર સ્વારી કરી ત્યાંના રાજા જયચંદ્રને માર્યો. છેલ્લે. ઈ. સ. ૧૧૯૫માં ગ્વાલીઅર ઉપર ચઢાઈ કરી પણ એકાએક પોતાના દેશમાં જવું પડવાથી કુતબુદ્દીન નામના પોતાના સરદારને તે કામ સોંપ્યું. તેણે ગ્વાલીઅર તથા ગુજરાત. ઈ. સ. ૧૧૯૫માં જીતી લીધાં. ત્યાર પછી શાહબુદ્દીન હિંદમાં આવ્યો નહીં. પણ તેના સરદાર બખત્યાર ખીલજીએ ઈ. સ. ૧૧૯૯માં અયોદ્ધા તથા બહાર જીતી લીધાં. પછી. ઈ. સ. ૧૨૦૨માં ગ્યાસુદ્દીન મરણ પામવાથી શાહબુદ્દીન પાદશાહ થયો.

શાહબુદ્દીન:—૧૨૦૨–૧૨૦૬. એના વખતમાં તેના સરદાર બખત્યાર ખીલજીએ બંગાળાના સેન રાજાને હરાવી તેનું રાજ ઈ. સ. ૧૨૦૩માં લઈ લીધું. પંજાબમાં ગક્કર લોકે બંડ કર્યું. તેમને શાહાબુદ્દીને આવીને હરાવ્યા. ને પાછાજતાં સિંધુ નદીને કાંઠે તંબુમાં મુકામ કર્યો હતો.

ત્યાં ગક્કર લોકે રાત્રે છાનામાના તેના તંબુમાં પેશી તેને મારી નાંખ્યો.

સ્વારીઓ કરવાનો તેનો હેતુ મહમુદ સુલતાનની પેઠે ધર્માંધ પણાથી લૂટ મેળવવાનો નહોતો. પણ તેને તો મુલક જીતવાનો લોભ હતો. તેથી તેણે બંગાળાથી સિંધુ નદી સુધીનો ઘણો મુલક જીતી દિલ્લીમાં કુતબુદ્દીન નામે સુબેદારને ઉપરી ઠરાવ્યો હતો. એ બાદશાહને વિદ્યા ઉપર પ્રેમ નહોતો. તેથી મહમુદ સુલ્તાનના જેવી તેની નામના થઈ નથી.

મહમુદઃ—૧૨૦૬–૧૨૧૨. શાહબુદ્દીન પછી તેનો ભત્રિજો મહમુદ ગાદીએ બેઠો. પણ તેનામાં દમ ન હોવાથી તેના તાબાના સૂબાઓ સ્વતંત્ર થઈ ગયા. ને પોતે ઇ. સ. ૧૨૧૨ માં મરણ પામ્યો.

ગુલામવંશ—૧૨૦૬–૧૨૯૦–૮૪.

ચોપાઈ—કુતબુદ્દિન બારે છ રહ્યો, પાછળતો આરામજ થયો;
અલ્તમસે ઉઠાડયો જામ, રૂકનુદ્દીન, રજીઆ, બેહેરામ.
મસુદ, નાસરૂદ્દીન, કર બાદ, ગ્વાસુદ્દીન ને કૈકુબાદ.
વજીર જલાલુદ્દીન કાવીઓ, શાહમારી પાછળ આવીઓ.

કુતબુદ્દીનઃ—૧૨૦૬–૧૨૧૦ એ પહેલાં તુર્કી ગુલામ હતો, પછી શાહબુદ્દીનનો ગુલામ થયો. શાહબુદ્દીને તેની હોશીયારી જોઇ ઘણું ભણાવ્યો. પછી તેણે પોતાની બુદ્ધિ, વિદ્યા, નીતિ, ચંચળાઈ, અને હોશીયારીથી શાહબુદ્દીનને રાજી કર્યો. તેથી શાહબુદ્દીને તેને દિલ્લીનો સુબો બનાવ્યો. શાહબુ-

દીન પછી તેના ભત્રિજા મહમદગોરીના વખતમાં જેમ બીજા સુબા સ્વતંત્ર થઇ ગયા તેમ તે પણ હિંદુસ્તાનનો સ્વતંત્ર પાદશાહ થયો. ને દિલ્હીમાં પોતાની રાજધાની કરી, ત્યાં કુતુબમિનારો બંધાવવા માંડ્યો, પણ તે પૂરો થતા પહેલાં તે ઇ. સ. ૧૨૧૦ માં મરણ પામ્યો. તે અને તેની ઓલાદના પાદશાહો ગુલામવંશથી ઓળખાય છે.

આરામઃ—૧૨૧૦ કુતબુદીન પછી તેનો દીકરો આરામ ગાદી ઉપર બેઠો. પણ તેનામાં તેના બાપના જેવી હોશીયારી નહીં હોવાથી તેને તેના બનેવી અલ્તમસે ગાદી ઉપરથી કહાડી મૂકી મારી નંખાવ્યો ને પોતે ગાદી ઉપર બેઠો.

અલ્તમસઃ—૧૨૧૦–૧૨૩૫ એ કુતબુદીનનો ગુલામ હતો. તે ઘણો રૂપાળો હોવાથી કુતબુદીને તેને સારી કેળવણી આપી, હોશીયાર કરી, તેને વેરે પોતાની દીકરી પરણાવી હતી. એના વખતમાં જંઘિસખાં નામે મોગલ સરદાર જબરી ફોજ લઇ કોઈ અફઘાન પાદશાહની પુંઠે હિંદુસ્તાનમાં આવ્યો હતો. પણ સારે નશીબે તે સિંધુનદી સુધી આવી પાછો ગયો, સિંધુને કાંઠે તેણે દશહજાર હિંદુઓને પકડીને મારી નાંખ્યા. એવો તે નિર્દય તથા ઘાતકી હતો.

અલ્તમસ બહાદુરને હોશીયાર હતો તેણે બંગાળા, બહાર, સિંધ, ને પંજાબ કબજે કર્યા, તથા ઇ. સ. ૧૨૩૧ માં માળવાનું હિંદુરાજ જીતી લઇ ત્યાંનું મહાકાળેશ્વરનું મોટું દેરૂં ખોદી નાંખ્યું. એ પ્રમાણે પોતાના રાજનો વધારો ક-

યો. તથા કુતુબમિનારો પૂરો કરાવ્યો. અને ઈ સ. ૧૨૩૫ માં મરણ પામ્યો.

રૂકનુદ્દીન-૧૨૩૫-૧૨૩૬ અલ્તમસ પછી તેનો પુત્ર રૂકનુદ્દીન ગાદી ઉપર બેઠો. તે નઠારો હોવાથી એક વરસ ની અંદર તેની બેન રજીઆ બેગમે તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂકી પોતે બેઠી.

રજીઆ બેગમ—૧૩૩૬-૧૨૩૯ એ અલ્તમસની દીકરી હતી. એ બાઈ ભણેલી ને હોશીયાર હતી તેથી રાજનો બંદોબસ્ત સારી રીતે રાખતી, પણ તેણે કોઈ ગુલામની સાથે પ્રીતિ કરી તે દરબારના અમીરોને નહીં ગમવાથી તેમણે તેને કેદ કરી. અને તેની ચોકી સારૂ એક અમીરને ઠરાવ્યો. તેની સાથે લગ્ન કરી તે નાશી ગઈ. આખર તે બનેજણ પકડાઇને માર્યાં ગયાં. ઈ. સ. ૧૨૩૯

બેહેરામઃ—૧૨૩૯-૧૨૪૧. રજીઆ બેગમ પછી તેના ભાઈ બેહેરામને અમીરો એ ગાદી ઉપર બેસાડયો. તે બે વરસ રાજ કરી મરણ પામ્યો. પછી રૂકનુદ્દીનનો દીકરો અલાઉદ્દીન મસાઉદ પાદસાહ થયો.

મસુદઃ—૧૨૪૧-૧૨૪૫ એના વખતમાં કંઈ જાણવાલાયક બનાવ બન્યો નથી. તે ચાર વરસ રાજ કરી મરણ પામ્યો. તે પછી અલ્તમસનો પૌત્ર નાસરૂદ્દીન ગાદી ઉપર બેઠો.

નાસરૂદ્દીન-૧૨૪૫-૧૨૬૫ એ બહુ ભલો, ધર્મ ઉપર આસ્થાવાળો, સાદો, ને ફકીરી ચાલનો હતો પુસ્તકો ઉતારી

તેની જે લખામણી આવે તે વડે પોતાનું ગુજરાન ચલાવતો તથા પોતાની બેગમ પાસે રંધાવી જમતો. રાજનો કારભાર તેણે પોતાના વજીર ગ્યાસુદ્દીન બલબનને સોંપ્યો હતો. એ બલબને હિંદુ રાજાઓને વશ કર્યા તથા બુંદેલખંડ, માળવા, અને દિલ્લીની આજુબાજુનાં બંડ સમાવી રાજને મજબૂત કર્યું. આ બાદશાહના વખતમાં મોગલ પાદશાહ હોલાકુખાંનો એલચી હિંદમાં આવ્યો હતો તેને ગ્યાસુદ્દીન બલબને સારૂં માન અપાવ્યું. ઘણાક મોગલ હુમલાઓને પાછા હઠાવ્યા ને-ઈ. સ. ૧૨૬૫ માં પાદશાહ મરણ પામ્યો એટલે એજ બલબન પાદશાહ થયો.

બલબનઃ—(ગ્યાસુદ્દીન) ૧૨૬૫-૧૨૮૭ એ અલ્તમસનો ગુલામને જમાઇ થતો, તે નાનપણથી ઘડાઇને હોશીયાર થયો હતો. બલબને પોતાની સાથેના બીજા ગુલામોને કાઢી મૂકી કુળવાનોને નોકરી આપવાનો તથા હિંદુઓને રાજકારભારમાં સામેલ નહીં રાખવાનો ધારો કર્યો. એના વખતમાં મધ્ય એશિઆમાંના કેટલાક રાજાઓ, અમીરો, અને કવિઓ મોગલ લોકોના જુલમથી કંટાળી દિલ્લીમાં આવી રહ્યા હતા. તેમને પોતાના આશ્રા નીચે જમીન આપી વસવા દીધા હતા. એ ક્રુરને હલકા મનનો પણ બહાદુર હતો. એના સામે મેવાતના લોકે બંડ કર્યું હતું, તેથી ત્યાં જઈ તેમનાં એક લાખ માણુસોને મારી નાંખ્યાં, અને જે ઝાડીઓમાં એબંડખોરો ભરાઈ રહેતા, તે કપાવી નંખાવી

તેની ખેડવા લાયક ભોંય બનાવી. વળી બંગાળાના સુબા તો અલ બેગે બંડ કર્યું, તેને હરાવી નિર્દયપણે મારી નાંખ્યો ને ત્યાં પોતાના દીકરા બકારાખાંને સુબો નીમ્યો. મોગલો ચઢી આવ્યા હતા તેમને તેના બીજા પુત્ર મહમુદે હરાવ્યા. એ બાદશાહ ઈ. સ. ૧૨૮૭ માં મરણ પામ્યો. તેના પછી તેનો પૌત્ર કૈકુબાદ ગાદી ઉપર બેઠો.

કૈકુબાદ:—૧૨૮૭–૧૨૯૦ બલ્બનનો વહાલો દીકરો મહમદ તેના જીવતાં મરણ પામ્યો હતો, અને બીજા દીકરા બકારાખાં સાથે તેને અણુબનાવ હતો. તેથી પોતાની પાછળ બકારાખાંને ગાદી ન મળે એવી ગોઠવણ કરી હતી. માટે બકારાખાંના દીકરા કૈકુબાદને અમીરોએ ગાદી સોંપી. નીજામુદ્દીન નામના દુષ્ટ સ્વભાવના વજીરને વશ થઈ એ બાદશાહે ઘણુંાક ઘાતકી કામ કર્યાં. તેને શીખામણ દેવા તેનો બાપ બકારાખાં બંગાળેથી આવતો હતો. તેની સાથે લડવાને એ વજીરે પાદશાહને ઉશ્કેર્યો, ને બાપ દીકરાને અણુબનાવ કરાવ્યો. છેલ્લે બાપ દીકરાને મેળ થયો, અને એ દુષ્ટ સ્વભાવના વજીરને કૈકુબાદે ઝેર દઈ મારી નંખાવ્યો. પણ એ બાદશાહમાં રાજ ચલાવવા જેટલી હોંશીયારી નહોતી. તેથી ખિલજી જાતના લોકોના સરદાર જલાલુદ્દીનને પોતાનો વજીર નીમી તેને વશ થયો. એ જલાલુદ્દીન કૈકુબાદને તથા તેના બાળકોને મરાવી પોતે પાદશાહ થયો. ઈ. સ. ૧૨૯૦

ખિલજીવંશ. ઈ. સ. ૧૨૯૦-૧૩૨૦-૩૦

દોહરા—ખિલજી બારે તેહુમાં, પ્રથમ જલાલુદ્દીન;
ત્યાર પછી કાકો હણી, થયો અલાઉદ્દીન.
ઉમર, મુબારક, ખુશરૂ ઢેડો જે કહેવાય;
ક્રુર કુસંપી પાદશાહ, તેર વીશમાં જાય.

જલાલુદ્દીન:—૧૨૯૦-૧૨૯૫ એ ૭૦ વર્ષની ઉમરે ગાદી ઉપર બેઠો. કૈકુબાદ તથા તેના બાળકને મરાવ્યાં એટલોજ અપરાધ એણે કર્યો. તે વગરનાં બાકીનાં એનાં કામ ઘણાં દયાળુ હતાં, અપરાધીઓને શિક્ષા કરવાને પણ તે દયા ખાતો. તેથી તેના રાજમાં ઘણાં બંડ થયાં. અને લૂટ તથા ચોરનો ભો વધ્યો. તોપણ મોગલ લોકો ઈ. સ. ૧૨૯૨ માં ચઢી આવ્યા હતા. તેમને બહુ બહાદુરીથી હરાવ્યા. એનો બહાદુર સરદાર તેનો ભત્રિજો અલાઊદ્દીન અલ્હાબાદ પાસેના કરાગામનો સુબો હતો. તેણે માળવા તથા બુદેલખંડનાં બંડ સમાવ્યાં. એ અલાઊદ્દીને પોતાના કાકાને કહ્યા સિવાય, ૮૦૦૦ સ્વારો લઈ દક્ષિણ ઉપર સ્વારી કરી, અને મહારાષ્ટ્રમાં દેવગિરિ (દોલતાબાદ) ના રાજા રામદેવને હરાવી પુષ્કળ લૂટ લઈ પાછો આવ્યો. તેને મળવા સારૂ તેનો કાકો જલાલુદ્દીન ગયો. મળતી વખતે અલાઊદ્દીને પોતાના કાકાને મારી નંખાવ્યો ને પોતે પાદશાહ થયો.

અલાઊદ્દીન:—૧૨૯૫-૧૩૧૫. એ પોતાના કાકાને ત-

આ ગાદીના હકદાર તેના વારસને મારીને ગાદી ઉપર બેઠો. અને દેવગિરિથી આણેલી લૂટ સરદારોને તથા અમીર ઉમરાવોને બક્ષીસ આપી રાજી કર્યા. અલાઉદ્દીને જેમ પોતાના કાકાને મારી રાજ મેળવ્યું તેમજ એ પાદશાહના ભત્રિજા સુલેમાને તેને મારી ગાદી લેવાનો પ્રયત્ન કર્યો, પણ તેમાં તે તથા તેના સાથીઓ પકડાયા ને માર્યા ગયા.

ઉત્તર હિંદમાં તેની જીતઃ—ઉત્તર હિંદુસ્તાનમાં ગૂજરાતપ્રાંત તેના તાબામાં નહોતો. તે જીતવા સારૂ અલિફખાં તથા વજીર નસરતખાંને તેણે મોકલ્યા. તેમણે ઈ. સ. ૧૨૯૭ માં કરણઘેલા પાસેથી ગૂજરાતપ્રાંત જીતી લીધો. રાજા કરણ દક્ષિણમાં બાગલાણમાં નાશી ગયો, અને તેની રાણીઓ તથા ખજાનો મુસલમાનો ને હાથ આવ્યો. તેની રાણીઓમાં કમળાદેવી ઘણી રૂપાળી હતી, તેને દિલ્લી મોકલી. ત્યાં પાદશાહે તેની સાથે લગ્ન કર્યું. વળી ઈ. સ. ૧૨૯૭માં મુસલમાનો એ ખંભાત લૂટયું. ત્યાંથી મલેકકાફુર નામનો એક ગુલામ મળ્યો. તે રૂપાળો તથા હોંશીઆર હોવાથી અલાઉદ્દીનનો માનીતો સરદાર થઈ પડયો, ને આગળ જતાં તેણે ઘણાં પરાક્રમ કર્યાં.

ઈ. સ. ૧૩૦૦માં અલાઉદ્દીને રણથંભોરનો કિલ્લો લીધો. ને. ઈ. સ. ૧૩૦૩માં ચિતોડ ઉપર હલ્લો કર્યો. ચિતોડના રજપૂતો પોતાનાં બૈરાં છોકરાંને બાળી મૂકી બહુ બહાદુરીથી મરતાં સુધી લઢયા.

મુગલોના હુમલાઃ—એના રાજમાં મોગલલોકો એ સાત હુમલા કર્યા. પહેલા બે પંજાબ ઉપર ઈ. સ. ૧૨૯૭–૯૮

માં કર્યા તેમાં તેઓ હાર્યા. ત્રીજો હુમલો. ઈ. સ. ૧૨૯૮માં કર્યો. તેમાં મુગલ સરદાર પુતલઘખાં ઠેઠ દિલ્લી સુધી આવ્યો. તેને અલ્લાઉદ્દીનના સરદાર જાફરખાંએ હરાવી નસાડ્યો. પછી પાદશાહે જાફરખાંની અદેખાઈ કરી, તેને મોગલોની પછવાડે મોકલ્યો ને તેને મદદ મોકલી નહીં. તેથી તે મોગલોએ તેને મારી નાંખ્યો. વળી ઈ. સ. ૧૩૦૩માં મોગલો દિલ્લી આવી પાછા ગયા. ને ઈ. સ. ૧૩૦૪–૫માં રોહીલખંડ ઉપર હલ્લા કર્યા પણ તેમાં માર્યા ગયા. લઢાઈમાં પકડાએલા મોગલોને તેણે દિલ્લીમાં રાખ્યા હતા. તેમણે બળવો કરવાથી કતલ કરાવી તેમને મારી નાંખ્યા.

દક્ષિણમાં જીત:—એ પ્રમાણે ઉત્તર હિંદમાં જય મેળવી દક્ષિણપર નજર ફેરવી. ઈ. સ. ૧૩૦૩માં મલેક કાફુરને ફોજ આપી વરંગુળ જીતવા મોકલ્યો. તેણે માળવા, ખાનદેશ, ને મહારાષ્ટ્ર જીતી લેઈ ત્યાંના રાજા રામદેવને દિલ્લી આણ્યો. તેણે પાદશાહની તાબેદારી કબુલ કરવાથી અલાઉદ્દીને તેને માન સાથે તેની રાજધાનીમાં જવા દીધો ઇ. સ. ૧૩૦૬. વળી કાફુરે ઇ. સ. ૧૩૦૯માં તેલંગણ પ્રાંતની રાજધાની વરંગુળ જીતી લીધું. ને ઇ. સ. ૧૩૧૦ માં કર્ણાટક, તથા ઇ. સ. ૧૩૧૨ ઠેઠ રામેશ્વર સુધીનો મુલક જીતી, તે શહેરમાં એક મસીદ બંધાવી.

અલ્લાઉદ્દીનના ઘરડપણના બનાવ:—એના પાછલા કાળમાં ગૂજરાતના લોકે બંડ કરી ત્યાંના સૂબા અલપખાંને મારી નાંખ્યો. ચિતોડના રજપૂતોએ મુસલમાનોને કિલ્લા બહાર કાઢી મૂક્યા, અને રાણા હમીરે ચિતોડગઢ પાછો

જીતી લીધો. દક્ષિણમાં રામદેવના જમાઈ હરપાળે ઘણેક ઠેકાણેથી મુસલમાનોને મારી કાઢ્યા. એવી એવી વાતો સાંભળી અલાઉદ્દીનને બહુ ક્રોધ ચઢ્યો ને પોતાના હાથ ભોંયપર ઘસ્યા.

અનિયમીત ખોરાકથી તેનું શરીર બગડ્યું, તેથી તેને બધા ઉપર વહેમ આવવા લાગ્યો, માટે કોઈને પણ પોતાની પાસે આવવા ન દે. ફકત કાફુરને ભરોંસે રહી પોતાની બેગમને તથા બે વડા શાહજાદાને કેદ કર્યાં. આખરે કાફુરે તેને ઝેર દઇ ઈ. સ. ૧૩૧૫ માં મારી નાંખ્યો. આ બાદશાહના વખતમાં રાજનો વિસ્તાર ઘણો હતો.

એ બાદશાહ ધર્માંધ, બુદ્ધિમાન, શૂરવીર, અભિમાની, ને જુલમી હતો. તેના કાયદા સારા હતા, તથા રાજનો સારો બંદોબસ્ત રાખ્યો હતો, પણ ખૂની તથા જુલમી સ્વભાવને લીધે તે અલાઉદ્દીન ખૂની એ નામથી ઓળખાયછે.

ઉમરઃ—૧૩૧૫–૧૩૧૬– અલાઉદ્દીન પછી તેના નાના દીકરા ઉમરને કાફુરે ગાદીઉપર બેસાડી, બે મોટા દીકરાઓની આંખો ફોડી, ને ત્રીજો મુબારક હતો તેને મારવા સારૂ મારા મોકલ્યા, મુબારક મારાઓને પોતાનાં ઘરેણાં આપી બચ્યો, ને તેણે કાફુરને મારીનંખાવ્યો, ને પોતે ઈ. સ. ૧૩૧૬માં ગાદી ઉપર બેઠો.

મુબારક– ૧૩૧૬–૧૩૨૦–એણે ગાદીઉપર બેશી પોતાના નાનાભાઇ ઉમરને આંધળો કર્યો, નેમોટા બે ભાઈઓને મારીનંખાવ્યા, તથા ગૂજરાતનું બંડ સમાવ્યું. દક્ષિણમાં હરપાળ ઉપર ચઢાઇ કરી તેને મારીનાંખ્યો, ને કેટલાક વેરા

માફકરી હોંશીઆરી બતાવી. પણ પછી રાજ્યની લગામ ખુશરૂ નામે નીચ જાતના વજીરને સોંપી. પોતે દિલ્લીમાં રહી, નઠારા મોજશોખમાં પડયો. આખરે તેનાવજીર ખુશરૂખાંએ ઈ. સ. ૧૩૨૦માં તેને મારીનંખાવ્યો ને પોતે ગાદીઉપર બેઠો.

ખુશરૂ–૧૩૨૦–એ મુસલમાન થયેલો ઢેડહતો. પણ મુસલમાની ધર્મ ઉપર તેની પૂરી શ્રધાનહોતી. તેણે કુરાનઉપર બેશીને, તથા મસીદોમાં મૂર્તિઓ પધરાવીને પહાણુ અમીરોને ગુસ્સે કર્યા. કેટલાક અમીરોએ બંડ કર્યાં તેમને કાઢી મૂકી તેમની જગાઉપર પોતાની જાતનાઓને લાવી બેસાડયા. છેલ્લે ગાજીખાં નાંમે પંજાબના હાકેમે તેનાપર ચઢાઇ કરી તેને હરાવી મારી નાંખ્યો. એ પ્રમાણે ખિલજી વંશનો અંતઆવ્યો ઈ.સ.૧૩૨૦.

તઘલખ વંશ. ૧૩૨૦–૧૪૧૨.

ચોપાઈ.

તઘલખ તેર અને વિશ અડયો, ગ્યાસુદ્દીન દિલ્લીપર ચઢયો;
મહમદ, ફીરોજ, ગ્યાસુદ્દીન, અબુબ કરને નાસરૂદ્દીન.
સિકંદર મહમદશાહહુઓ, તેર અઠાણું તેમૂર જુઓ.
દિલ્લી લૂટી કરીઓકેર, ચાદબાર આણ્યું અંધેર.

ગ્યાસુદ્દીન–૧૩૨૦–૧૩૨૫–એનું બીજુંનામ ગાજીખાં હતું. તે પંજાબનો હાકેમ હતો. ત્યાંથી આવી તેણે ખુશરૂખાંને હરાવી મારીનાંખ્યો. પછી અમીરોએ તેને ગાદી ઉપર બેસવાને કહ્યું તેથી તે પાદશાહથયો.

ગાદી ઉપર બેઠા પછી તેણે બંગાળા ઉપર સ્વારી કરી ત્યાંનું બંડ સમાવ્યું. ત્યાંનો સૂબો બકારાખાં હતો તેને કાયમ રાખી પાછો આવ્યો. તેણે દિલ્લીમાં તઘલખા બાદ ના-

મે કિલ્લો બાંધ્યો. એના દીકરા જુમાખાં (મહમુદે) એ તૈલંગણ ઉપર સ્વારી કરી જય મેળવ્યો, ને ત્યાંથી પાછા આવી દિલ્હીની પાસે પોતાના બાપની મુલાકાત લેવા સારૂ લાકડાનો મંડપ રચ્યો. તે મંડપ પડી જવાથી ગ્યાસુદીન ચગદાઈને મરણ પામ્યો. તેના પછી તેનો દીકરો મહમુદ ગાદી ઉપર બેઠો.

મહમુદ:—૧૩૨૫–૧૩૫૧. એ વિદ્વાન, બુદ્ધિમાન, બહાદુર, પણ નિર્દય, ગાંડો, ને અવિચારી હતો. એના વખતમાં મોગલોએ પંજાબ ઉપર સ્વારી કરી તેમને ધન આપી પાછા કાઢ્યા.

તેનાં અવિચારનાં કામ:—(૧) ચીન તથા ઈરાન જીતવા મોટાં લશ્કર તૈયાર કર્યાં. તેમાં ચીનપર મોકલેલું લશ્કર હિમાલયમાં મરણ પામ્યું. ઇરાનપર મોકલવાને એકઠા કરેલા લશ્કરને પગાર આપવા નહીં મળવાથી તેઓ વેરાઇ જઈ લૂટફાટ કરવા લાગ્યા, તેથી દેશની ખરાબી થઈ. (૨) બારે વેરા નાંખ્યા છતાં લડાઈના ખર્ચને સારૂ તેને જોઇતાં નાણાં ન મળ્યાં ત્યારે તેણે ત્રાંબાનાણું ચલાવ્યું. પણ પરદેશી વેપારીઓએ તે ન લીધાથી વેપાર રોજગાર બંધ પડ્યો, વેપારીઓ ટૂટી ગયા, ને તેનો ખજાનોએજ ત્રાંબાનાણાંથી ભરાયો. (૩) મહારાષ્ટ્ર જીતી લઇ દોલતાબાદમાં પોતાની રાજધાની કરવાનો વિચાર કર્યો. ને દિલ્હીના લોકોને આઠસેં મૈલને છેટે દોલતાબાદમાં જઇને વસવાનો હુકમ કર્યો. તે જા આવમાં હજારો માણસ મરણ પામ્યાં. (૪) ગમતને માટે માણસોનો શિકાર કરવાની યુક્તિ રચી. પોતાના

લશ્કર વડે એક ગોળ જગા ઘેરી લીધી. પછી તે ઘેરાવો ઓછો કરવાને વચ્ચે આવનાર માણસોને કાપી નાંખવાનો હુકમ કર્યો. એજ પ્રમાણે કનોજના લોકોની તેણે કતલ કરાવી હતી. (૫) પોતાનો એક દાંત પડી જવાથી તેનાપર ઘણા પૈસા ખરચી એક કબર ચણાવી. વગેરે ઘણાં મૂર્ખાઇનાં કામ કર્યાં. આ બાદશાહના રાજનો વિસ્તાર ઘણો હતો. પણ ધર્માભિમાનને લીધે તેણે હિંદુ રાજા રાણાઓ અને અમલદારો ઉપર ભરોંસો ન રાખ્યો, તેથી તેના રાજમાં ચોતરફ બંડ થયાં, ને સૂબાઓ સ્વતંત્ર થઇ ગયા.

૧૩૩૮માં તેના ભત્રિજાએ માળવામાં બંડ કર્યું તેની એ પાદશાહે જીવતાં ચામડી ઊતરડાવી મારી નાંખ્યો.

૧૩૩૯માં પંજાબના સૂબાએ બંડ કર્યું તેને ગરદન માર્યો.

૧૩૪૦માં બંગાળામાં બંડ ઊઠયું તે સમ્યું નહીં.

૧૩૪૪માં કર્ણાટક અને તેલંગણના હિંદુ રાજાઓ સ્વતંત્ર થયા.

૧૩૪૭માં દક્ષિણમાં બેદરમાં હસનગંગુ (જાફરખાં) નામે સરદારે બ્રાહ્મણી રાજ સ્થાપ્યું તે ૧૫૦ વરસ ચાલ્યું.

૧૩૪૭માં ગુજરાતમાં બંડ થયું તે સમાવી દક્ષિણ ગયો. એટલે પાછું ગુજરાતમાં ફરીને બંડ ઊઠયું. તેથી એકદમ ગુજરાતમાં આવ્યો. ને બંડ ખોરોને હરાવ્યા, પણ તેઓ સિંધમાં નાઠા તેમની પાછળ જતાં એ પાદશાહ ઠઠામાં ઈ. સ. ૧૩૫૧માં મરણ પામ્યો, ને તેનો ભત્રિજો ફીરોજ પાદશાહ થયો.

ફીરોજુદીનઃ—૧૩૫૧–૧૩૮૮—એ પાદશાહ લઢાઇના

કામમાં કાચો હતો. તેથી તેણે ગૂજરાત તથા સિંધના બળવાખોરોનું મન મનાવ્યું. ને બંગાળાના સૂબાનું સ્વતંત્રપણું કબુલ રાખ્યું. એણે શાંતીથી રાજ કરી કેટલાંક લોકો ઉપયોગી કામ કર્યા. ૧ ખેતીને સારૂ પાણી પહોંચાડવા નદીઓમાંથી નેહેરો ખોદાવી. તેમાંની જમનાની નેહેર હાલસુધી રહેલીછે. અને તેનો કેટલોક ભાગ અંગ્રેજ સરકારે સુધરાવી ખપમાં આણેલોછે. ૨. કુવા, તળાવ, ધર્મશાળાઓ રસ્તાઓ, ને નહાવાની જગાઓ બંધાવી, તથા રસ્તા ઉપર ઝાડો રોપાવ્યાં. ૩. નિશાળો, દવાખાનાં, પૂલો, મસીદો, વગેરે બંધાવી લોકોને સુખ કર્યું. એ પાદશાહ ઈ.સ. ૧૩૮૮માં મરણ પામ્યો તેના પછી ગ્યાસુદ્દીન બીજો ગાદી ઉપર બેઠો.

ગ્યાસુદ્દીન ૨ જો. ૧૩૮૮–૧૩૮૯. એને તેના પિત્રાઇ ભાઇઓએ મારી નંખાવ્યો ને અબુબકરને ગાદી ઉપર બેસાડ્યો.

અબુબકર:—૧૩૮૯. એ થોડી મુદત ગાદી ઉપર રહ્યો એટલામાં નાસરૂદ્દીને તેને કાઢી મૂક્યો પોતે પાદશાહ થયો.

નાસરૂદ્દીન:—૧૩૮૯–૧૩૯૨–એ ત્રણ વરસ રાજ કરી મરણ પામ્યો. એ પ્રમાણે ફીરોજ્શુદ્દીન પછી ચાર વરસમાં ત્રણ પાદશાહો થયા. તેમના વખતમાં કંઈ જાણવા લાયક બનાવ બન્યા નથી.

મહમદ બીજો:—૧૩૯૨–૧૪૧૨ એ નાસરૂદ્દીનનો દીકરો હતો. તેનામાં કંઇ દમ નહીં હોવાથી. ઈ. સ. ૧૩૯૪માં જુવાનપુરના. ઈ. સ. ૧૩૯૬માં ગૂજરાના, અને ઇ. સ. ૧૪૦૧માં માળવાના, તથા ખાનદેશના, સૂબાઓ સ્વતંત્રપણે અમલ કરવા લાગ્યા.

એના વખતમાં ઇ. સ. ૧૩૯૮માં મોગલ પાદશાહ તૈમૂર મધ્ય એશિઆમાંથી જબરી ફોજ લઇ દિલ્હી ઉપર ચડી આવ્યો. એની રાજધાની સમરકંદમાં હતી. ત્યાંથી તાતાર લોકનાં જબરાં ટોળાં લઇને પંજાબમાં થઈ દિલ્હી ઉપર આવ્યો. મહમુદ ગુજરાત ભણી નાસી ગયો. તૈમુરે દિલ્હી શહેરને પાંચ દિવસ સુધી લૂટયું, બાળ્યું, ને કતલ કરી પુષ્કળ દ્રવ્ય તથા બંધીવાન લઇ સ્વદેશ ગયો. તે જે રસ્તે આવ્યો તથા ગયો તે રસ્તાપરનાં તમામ ગામ લૂટયાં બાળ્યાં તથા ઉજડ કર્યાં. એવી રીતની ખરાબી કરી ગયા પછી મહમુદ પાછો આવ્યો. ને પાયમલ થએલી દિલ્હીની ગાદી ઉપર ઈ. સ. ૧૪૧૨ સુધી નામનો પાદશાહ રહ્યો. એના મરણ પછી દોલતખાં લોદીએ પાદશાહ પદ ધારણ કર્યા વગર ઈ. સ. ૧૪૧૪ સુધી રાજ ચલાવ્યું. ને પછી સૈયદ વંશી પાદશાહોને હાથ ગાદી ગઈ.

સૈયદવંશ. ઈ. સ. ૧૪૧૪-૧૪૫૦

ચોપાઈ—સૈયદ સેંચોદ ને ચોદ, ખીજર, મુબારક, મહમુદ;
આલમથી પામ્યું એ નાશ, ગયું રાજ સેંચાૈદ પચાશ.

ખીજરખાં:—૧૪૧૪-૧૪૨૧. દોલતખાંને હરાવી પંજાબના સૂબા ખીજરખાંએ દિલ્હીનું રાજ લીધું. તે સાત વરસ રાજકરી મરણ પામ્યો. પછી તેનો દીકરો મુબારક પાદશાહ થયો.

મુબારક—૧૪૨૧--૧૪૩૩—એ પાદશાહને તેના વજીરે મારીનાંખી તેના ભત્રિજા મહમુદને ગાદી ઉપર બેસાડયો.

મહમુદ—૧૪૩૩-૧૪૪૩ એના વખતમાં જુવાનપુર ત-

થા માળવાના સુલતાનોએ તેના પ્રાંતો જીતી લીધા. અને તેનું રાજ જવાની તૈયારીમાં હતું, એટલામાં પંજાબના સૂબા બહીલોલખાંએ તેને સારી મદદ કરી તેથી બચ્યું. ને દશ વરસ રાજ કરી ઇ. સ. ૧૪૩૩માં મરણ પામ્યો.

આલમ (અલાઉદ્દીન) ૧૪૪૩–૧૪૫૦–મહમદ પછી તેનો દીકરો આલમ ગાદી ઉપર બેઠો એ દમવગરનો હોવાથી એના રાજની મર્યાદા છેક ઘટીગઈ હતી. છેલે બહીલોલખાંને દિલ્લીનું રાજ સોંપી, પોતે દિલ્લીથી ૭૦ મૈલ ઉપર બુદાયુન નામે ગામ હતું ત્યાં ગયો. અને બહીલોલખાં પાદશાહ થયો. ઇ. સ. ૧૪૫૦.

લોદીવંશ ઈ. સ. ૧૪૫૦–૧૫૨૬.

ચોપાઈ—લોદી સાડા ચૌદે થયો, પદરસેં છવીમાં ગયો;
બહીલોલ, સિંકદર, નામ, ઇબ્રાહીમ બન્યોછે જામ.

બહીલોલખાં:—૧૪૫૦–૧૪૮૮. એ પ્રથમ પંજાબનો સૂબો હતો. દિલ્લીની ગાદી એના હાથ આવી પછી તેણે ધીમેધીમે રાજ વધાર્યું તથા મજબુત કર્યું. ૨૬ વરસ સુધી જુવાનપુરના રાજા સાથે લઢી તેનો પ્રાંત દિલ્લી તાબે કર્યો. અને ૩૮ વરસ રાજ કરી. ઈ. સ.૧૪૮૮માં મરણ પામ્યો.

સિકંદર—૧૪૮૮–૧૫૧૭–બહીલોલખાં પછી તેનો દીકરો સિકંદર પાદશાહ થયો. એ બહુ ધર્માંધ હતો. તેથી તેણે હિંદુ ધર્મને ઘણું નુકશાન કર્યું. એણે પોતાની રાજધાની આગ્રામાં કરી હતી. એના વખતમાં ફિરંગી. (પોર્ટુગીઝ) લોકો પહેલ વહેલા હિંદમાં આવ્યા. તથા નાનકપંથ નીકળ્યો. તે ઇ. સ. ૧૫૧૭માં મરણ પામ્યો. પછી તેનો દીકરો

ઇબ્રાહિમ પાદશાહ થયો.

ઇબ્રાહિમ:—૧૫૧૭–૧૫૨૬—એ બેવકુફ તથા નબળો હતો. તેના કેટલાક સુબાઓએ બંડ કર્યાં. તેમાં પંજાબના સુબા દોલતખાંએ બાબરને પોતાની મદદે બોલાવ્યો, બાબર ફોજ લઈ ઈ. સ. ૧૫૨૬ માં હિંદમાં આવ્યો. ને તેણે પાણીપતના રણમાં ઇબ્રાહિમને હરાવી મારી નાંખ્યો. ને પોતે હિંદનો પાદશાહ થયો. ઇ. સ. ૧૫૨૬

પ્રકરણ ૩ જું.

મોગલવંશ. ૧૫૨૬–૧૮૫૭

ચોપાઇ.

મોગલ બાબર આવ્યો અહીં, સાલ પંદસેં છવીશ મહીં;
પાછળતો હુમાયું થયો, ગયું રાજ ઇરાને ગયો.
શુરવંશ થોડો થોભાઓ, ગાદિપર શિરશાહ શોભિયો;
મદદ મળી હુમાયું વળ્યો' શુરવંશ દિલ્લીથી ટળ્યો.
અકબર, જહાંગિરશાહ જુઓ, શાહજહાં પાછળથી હુઓ.
આલમગિર પાછળ આવીઓ, તે કોઇને પણ નવ ભાવિયો;
બહાદુર, જહાંદાર ફરૂક, સૈયદથી હુઓ મહમુદ,
અહમદ, આલમગિર કાવિઓ, શાહઆલમ અકબર આવિયો;
મહમુદ અરાઢ બાસેઠ જુઓ, રંગુન કેદ પડીને મુઓ.

બાબર:—૧૫૨૬–૧૫૩૦—એ બાર વરસની ઉમરે ઇ. સ. ૧૪૯૪ માં અફગાનિસ્તાનના ફરગાન પ્રાંતમાં પોતાના બાપની પૂઠે ગાદી ઉપર બેઠો, તેણે ઈ. સ. ૧૪૯૭ માં પો-

તાના કાકાને હરાવી સમરકંદ જીત્યું, પણ ત્યાંના ઉસ્બેક લોકે બળવો કરી તેને કાઢી મૂક્યો. તેથી તે કાબૂલ ગયો ને ૧૫૦૪ માં તે રાજ્ય જીતી લીધું. પછી બાવીશ વરસ ત્યાંનો બંદોબસ્ત કરવામાં ગાળી હિંદુસ્તાન જીતવાની તૈયારી કરી. પંજાબના સૂબા દોલતખાં લોદીના બોલાવ્યાથી તે હિંદમાં આવ્યો. ને ૧૫૨૬ માં પાણીપતના મેદાનમાં ઈબ્રાહિમ લોદીને હરાવી દિલ્લીની ગાદી લીધી. તોપણ રજપૂતો સાથે લડવાનું બાકી રહ્યું. ચિતોડ અને તેની આશપાશના મુલકમાં સંગ નામે રજપૂત રાજા રાજ્ય કરતો હતો તેણે ઘણાક રાજાઓને પોતાની મદદે બોલાવી. ઈ. સ, ૧૫૨૭ માં ફતેપુર સીક્રી આગળ બાબર સાથે યુદ્ધ કર્યું. તેમાં બાબર ઘણી મુશીબતે જીત્યો. એ વખતથી તેણે દારૂ નહીં પીવાની બાધા લીધી હતી. ઈ. સ. ૧૫૨૮ માં બાબરે ચંદેરીને ઘેરો ઘાલ્યો. ત્યાંનો રાજા મેદનીરાય કેશર્યાં કરી તેની સાથે લડ્યો ને માર્યો ગયો. તે પછી બાબરે અયોધ્યા, બંગાળા, ને બહાર પ્રાંતો જીતી લીધા ને આગ્રે આવ્યો. અહીં તેનો વડો શાહજાદો હુમાયું માંદો પડ્યો. તેથી તેણે કંઇ વહેમી ક્રિયા કરી, પરમેશ્વર પાસે માગ્યું કે હું મારૂં બાકી રહેલું આયુષ મારા દીકરાને આપુંછું. માટે હે! પ્રભુ તેને ઉગારી મને ઉપાડી લે. તે પછી તેનો દીકરો હુમાયું સાજો થવા લાગ્યો. પણ વહેમથી કે બીજા કોઇ કારણથી તેનું શરીર બગડ્યું ને તે. ઇ. સ. ૧૫૩૦ માં મરણ પામ્યો. તેનું મુડદું કાબુલ લઇજઇ દાટ્યું. એ શૂરો, ચતુર, લોભી, ને ધીરજવાન હતો. પોતાની રૈયતને સુખી કરવાને

હમેશાં ઉપાય કરતો. એને ફુલનો ઘણો શોખ હતો. તથા પોતાના કુટુંબ ઉપર ઘણો પ્યાર રાખતો. તેણે હિંદમાં ચાર વરસ ને બધું મળી ૩૬ વરસ રાજ કર્યું.

હુમાયુઃ—૧૫૩૦–૧૫૫૬ બાબરને ચાર દીકરા હતા. હુમાયું, કામરાન, હિંદાલ, ને મિરજા અસ્કરી. હુમાયું દિલ્હીની ગાદી ઉપર બેઠો. કામરાનના તાબામાં કદહારને પંજાબ, હિંદાલને તાબે સંબલપ્રાંત, ને મેવાતનો મુલક મિરજા અસ્કરીના તાબામાં આવ્યો.

ઇબ્રાહિમ લોદીના કાકા અલાઉદ્દીને બંડ કર્યું તેને ગૂજરાતના બહાદુર પાદશાહે મદદ કરી, તેથી હુમાયુએ જઇને તેને મંદેસર આગળ હરાવ્યો. ઈ.સ. ૧૫૩૫. પછી હુમાયુએ ગૂજરાતમાં જઈ ચાંપાનેરનો ડુંગરી કિલ્લો જીતી લીધો. એવામાં શીરશાહ નામનો અફ્ગાન સરદાર જે ચુનાર ગઢમાં રહેતો હતો તેણે હુમાયું સામે બંડ કરી બંગાળા તથા બહારપ્રાતો જીત્યા. તેથી તેને સજા કરવા સારૂ હુમાયુંને ગૂજરાતમાંથી એકાએક જવું પડયું, અને ઈ. સ. ૧૫૩૯ માં બકસર આગળ અને ઇ. સ. ૧૫૪૦ માં કનોજ આગળ શીરશાહ સાથે લડાઈ કરી, પણ બંને ઠેકાણે પોતે હાર્યો. તેથી પોતાના કુટુંબને લઇને સિંધના અમરકોટ શેહેરમાં ગયો. ત્યાં તેની રાણી હમીદાએ અકબર નામના પુત્રને જન્મ આપ્યો. ઈ. સ. ૧૫૪૨. પછી પોતાના કુટુંબ સહિત હુમાયું કાબુલ ગયો. ને પોતાની રાણી તથા કુંવરને પોતાના ભાઈના કબજામાં સોંપી પોતે ઇરાન ગયો. ત્યાંના પાદશાહ તમસ્પે તેની પાસે શિહાપંથ પાળવાની કબુલત

લઈ ૧૪૦૦૦ સ્વારની મદદ કરી. તે મદદ લઈ હુમાયું કાબુલમા આવ્યો ને પ્રથમ પોતાના ભાઈઓને વશ કરી પોતાના વજીર બેહેરામ સહિત હિંદમાં આવી. ઈ. સ. ૧૫૫૬ માં શીરશાહના વંશજો પાસેથી દિલ્લીનું રાજ લીધું.

સૂરવંશ–૧૫૪૦–૧૫૫૬–૧૬

શીરશાહ—૧૫૪૦–૧૫૪૫ હુમાયું હારીને સિંધમાં નાશી ગયો ત્યારથી દિલ્લીનું રાજ શીરશાહને તાબે આવ્યું. બંગાળાના સુબેદારે બંડ કરવાથી શીરશાહે તેને હરાવી તાબે કર્યો. ચિતોડ, રણથંભોર, ગ્વાલીઅર, કલીંજર વગેરેના હિંદુરાજાઓને જીતવાને તેણે પ્રયત્નો કર્યા પણ કંઇ વળ્યું નહીં. છેલ્લે ઇ. સ. ૧૫૪૫ માં કલીંજરને ઘેરો ઘાલ્યો હતો ત્યાં દારૂખાનું સળગવાથી તે બળી મુઓ. .એણે કુવા, તળાવ. ધર્મશાળાઓ રસ્તા વીગેરે બંધાવી લોકોને સુખી કર્યાં. તેના પછી તેનો દીકરો સલીમપાદશાહ થયો.

સલીમશાહ—૧૫૪૫–૧૫૫૩. એણે દિલ્લીમાં એક મેહેલ બંધાવ્યો તેને સલીમગઢ કરીને કહેછે. તે ગ્વાલીયરમાં મરણ પામ્યો પછી તેનો ભાઈ આદિલી પાદશાહ થયો.

આદિલશાહ—૧૫૫૩–૧૫૫૬. એણે હલકા માણસોની પ્રીતિ કરી તેમને મોટાં મોટાં ઈનામો આપીને પોતાનો ખજાનો ખાલી કર્યો. પછી કેટલાક અમીરોની જાગીરો જપ્ત કરી. માટે તેમણે બંડ કર્યાં. એવામાં ઇરાનના પાદશાહની આપેલી મદદ લઇ હુમાયું તેના સામે આવ્યો. ને પાણીપતના મેદાનમાં આદિલીના વજીર હેમુને હરાવી દિલ્લી લીધું, ઈ. સ. ૧૫૫૬ પણ એજ વરસમાં હુમાયું પોતાના

મહેલની આરસની શીડીપરથી પડી જવાથી મરણ પામ્યો. તે સોળ વરસ બહાર રખડયો તે સુદ્ધાં તેણે ૨૬ વરસ રાજ કર્યું. તેની પાછળ તેનો દીકરો અકબર પાદશાહ થયો.

મોગલ વંશ.

અકબર—૧૫૫૬-૧૬૦૫-એ ૧૫૫૬માં ચૌદવરસની ઊમરે ગાદી ઉપર બેઠો. તેવખતે તેનો બધોકારભાર તેના બાપના વખતનો વજીર બેહેરામ ચલાવતો હતો. તે બહાદુરને નીમક હલાલ પણ ગર્વીષ્ટને ઘાતકી હતો, લોકો તેને ખાન બાબા એટલે રાજ પિતા કહેતા. અકબરે તેના ગર્વીષ્ઠ તથા ઘાતકી પણાથી કંટાળી રાજની લગામ પોતાને હાથ લીધી, નેપોતાના સિવાય બીજા કોઈનો હુકમ માનવો નહીં એવો ઢંઢેરો ફેરવ્યો. તેથી બેહેરામને માઠું લાગ્યું, અને તેણે પંજાબમાં જઇ બળવો કર્યો. અકબરે તેને પકડયો, પણ આગળની સારીનોકરીની બુજ જાણીને તેના ઉપર દયા કરી તેનો ગુનો માફ કર્યો. ને તેને પેનશન બાંધી આપ્યું. પછી બેહેરામ મક્કે જાત્રા કરવાસારૂ જતો હતો. તેવામાં ગુજરાતમાં તેના કોઇ પઠાણ દુશ્મને તેને મારીનાંખ્યો. ઈ. સ. ૧૫૬૦

અકબરને નાનો જાણી તેના સરદારો તેને ગાંઠવા નહાગ્યાથી તેમને વશકરવાને તેણે પ્રથમ ગોઠવણ કરી ખાન જમાનને જુવાનપુરમાં રાખ્યો હતો. તેણે બંડકરવાથી તેને હરાવી તાબે કર્યો. આદમખાંને માળવાનો સૂબો નીમ્યો હતો. પણ તે સ્વતંત્ર થવાથી પાદશાહે તેને હરાવી વશ કર્યો. એપ્રમાણે પોતાના સરદારોને વશ કર્યા પછી રજપૂત રાજાઓનો બંદોબસ્ત કરવામાં ચિત્ત પરોવ્યું. આગળના પાદશાહોને અ-

ફગાનિસ્તાન અને મધ્ય એશિયામાંથી લશ્કરી મદદ મળતી, પણ તે પ્રાંતો અકબરના તાબામાં નહીં હોવાથી તેવીમદદ મળવાની તેને આશા નહોતી. માટે તેણે પોતાને જોઇતી મદદ ભરત ખંડમાંથીજ મેળવવાની ગોઠવણ કરી. રજપૂત રાજાઓને વશકરી તેમની સાથે દોસ્તી તથા સગાઇ કરી. કેટલાક રજપૂત રાજાઓની કંન્યાઓને પરણ્યો, તથા પોતાના દીકરાઓને પરણાવી. રજપૂતોનું માન રાખી તેમને મોટા હોદ્દાઓ આપ્યા.

અકબર જેપૂર તથા જોધપૂરના રાજાઓની કુંવરીઓને પરણ્યો, અને જેપુરના રાજાના કુંવર ભગવાનદાસની કુંવરી વેરે પોતાના દીકરા સલીમને પરણાવ્યો. ચિતોડના રજપૂત-રાજાએ મુસલમાનોને કન્યા આપવાની નાપાડી અકબરનું ઉપરી પણું કબુલ નકર્યું, તેથી અકબરે ચિતોડ ઉપર સ્વારી કરી, રાણો ઉદેસીંગ નાશીગયો, પણ તેનો સરદાર જેમલ ચિતોડ ગઢનું રક્ષણ બહુ બાહાદુરીથી કરતાં પોતાના ૮૦૦૦ રજપૂતો સાથે મરાયો, ને અકબરે ચિતોડ લીધું ઈ.સ.૧૫૬૮. ઉદેસીંગ તાબે નથતાં અરવલ્લીના ડુંગરોમાં ભરાયો, પછી તેના કુંવર પ્રતાપસિંહે ધીમે ધીમે પોતાનો મુલક જીતીલઇ, ઉદેપૂર વસાવી ત્યાંપોતાની રાજધાનીકરી. હાલપણ ત્યાં તેના વંશજો રાજ કરેછે.

અકબરે કરેલા સુધારા— (૧) હિંદુઓને તેમની લાયકીપ્રમાણે સૈન્યમાં તથા મુલ્કી ખાતામાં મોટા મોટા હોદ્દાઓની જગાઓ આપી.

(૨) જજીઆ વેરો તથા જાત્રાળુ વેરો માફ કર્યો. (૩) સતી

થવાનો રીવાજ બંધ કર્યો. (૪) બાળલગ્નની બંધી કરીને પુનર્લગ્ન કરવાની છૂટ આપી. (૫) વિદ્વાનોને આશરો આપ્યો. (૬) રૈયતને પોતાની મરજી પ્રમાણે ધર્મ પાળવા દીધો.

અકબરના રાજના કેટલાક બનાવોની સાલવારીનોંધ.

૧૫૬૬ આગ્રામાં કિલ્લો બાંધી પોતાની રાજધાની તે શહેરમાં કરી.

૧૫૭૨ માળવાપ્રાંત જીતી લીધો. ૧૫૭૩ માં ગુજરાતના ત્રીજા મુજફ્ફરને હરાવી તે પ્રાંત લીધો ને ૧૫૯૩ માં સાંનો સંપૂર્ણ બંદોબસ્ત કર્યો.

૧૫૭૪ ઓઢીઆપ્રાંત અકબરના સરદાર ટોડરમલે જીત્યો ને છેલ્લે ૧૫૯૨ માં માનસીંગે તાબે કર્યો.

૧૫૭૬ બંગાળાપ્રાંત શીરશાહના વંશના દાઉદ પાસેથી અકબરના સેનાપતિ ટોડરમલે જીતી લીધો, ને ૧૫૯૨ " સંપૂર્ણ તાબે કર્યો.

૧૫૮૫ અકબરનો ભાઇ હકીમ કાબુલમાં મરણ પામવાથી તે પ્રાંત તેના કબજામાં આવ્યો.

૧૫૮૬ કાસ્મીરનું મુસલમાની રાજ અકબરે જીત્યું, ને ૧૫૯૨ માં સંપૂર્ણ તાબે કર્યું.

૧૫૯૨ સિંધપ્રાંત ત્યાંના હિંદુરાજા પાસેથી જીતી લીધો.

૧૫૯૨ કંદહારપ્રાંત ઇરાની લોકો પાસેથી જીતી લીધો.

એ પ્રમાણે ઉત્તર હિંદુસ્તાનમાં બંદોબસ્ત કર્યા પછી દક્ષિણ જીતવાનો વિચાર કર્યો. મહમદ તઘલખના વખતમાં દક્ષિણમાં બ્રાહ્મણી વંશ સ્થપાયો હતો. તેમાંથી આગળ જતાં પાંચ રાજ થયાં. (૧) અહમદનગરમાંની નિજામશાહી.

(૨) વિજાપુરમાં આદિલશાહી. (૩) ગોવલકોંડામાં કુતુબશાહી. (૪) ઈલીચપુરમાં ઈમાદશાહી. (૫) બેદરમાં બરીદ શાહી. એમાંથી અહમદનગરનો પાદશાહ ગુજરી જવાથી ચાર જણ ત્યાંની ગાદીનો દાવો કરતા હતા. તેમાંના એકે અકબરની મદદ માગી, તેથી અકબરે પોતાનો દીકરો મુરાદ જે ગુજરાતનો સૂબો હતો તેને મોકલ્યો. અહમદ નગરમાં ચાંદબીબી કરીને બહાદુર સ્ત્રી હતી, તે તેના સામે થઈ. પણ આખરે ચાંદબીબીએ વરાડપ્રાંત મુરાદને આપી તેની સાથે સલાહ કરી. ઈ. સ. ૧૫૯૬. આગળ જતાં ફરીને તે પ્રાંતના કબજા સંબંધી તકરાર ઉઠી તેથી અકબર પંડે અહમદનગર ગયો. ત્યારે પણ ચાંદબીબીએ પહેલાંની પેઠે બહાદુરી બતાવી. પણ તેના લશ્કરી માણસોએ દગાથી તેને મારી નાંખી. ઈ. સ. ૧૫૯૯ તેથી અહમદનગર અકબરના તાબામાં આવ્યું. ત્યાંથી પાછા આવતાં ખાનદેશ જીત્યો.

યુસફજી લોકોનું બંડ:—પંજાબની વાવ્ય કોણમાં યુસફજી એટલે રોશનીઆ પંથના પહાડી લોકો રહેતા હતા. તેમણે બંડ કરવાથી તેમને જીતવા સારૂ અકબરે પોતાના સરદાર જેનખાં તથા બીરબલને ફોજ આપી મોકલ્યા. ઈ. સ. ૧૫૮૬. પણ એ બેમાં સંપ નહીં હોવાથી બીરબલ માર્યો ગયો ને જેનખાં પાછો આવ્યો. પછી ટોડરમલ તથા માનસિંગને મોકલ્યા. તેમણે યુસફજી લોકના સરદાર જલાલને ઈ. સ. ૧૬૦૦ માં મારી નાંખી બંદોબસ્ત કર્યો.

અકબરનું મરણ:—એને ત્રણ છોકરા હતા. ૧ સલીમ ૨ દાનીઆલ. ૩ મુરાદ તેમાંથી સીલીમ સિવાયના બે

અકબર છતાં દારૂના વ્યસનથી મરણ પામ્યા હતા. અને સલીમ દારૂડીયોને નઠારો હોવાથી તેના મનને ઘણો ખેદ થતો હતો. તેવામાં અકબર માંદો પડ્યો. માટે તેની પાછળ ગાદીએ બેસાડવાને સલીમના દીકરા ખુશરૂને માટે ખટપટ થવા લાગી, તેથી અકબરે પોતાના બધા સરદારોને બોલાવી તેમની સમક્ષ પોતાની તરવાર સલીમને બંધાવી ગાદી ઉપર બેસાડ્યા. ને તેમને સલીમને મદદ કરવાની ભલામણ કરી. તેથી ખુશરૂના પક્ષનાઓનું કંઈ ચાલ્યું નહીં, એવામાં ઈ. સ. ૧૬૦૫ માં અકબર મરણ પામ્યો.

અકબરની રાજનીતિઃ—(૧) એણે પોતાની તમામ જાતની રૈયતને સરખી ગણી, હરકોઈ લાયક આદમી ને મોટા મોટા હોદ્દાઓની જગાઓ આપવામાં ભેદ રાખ્યો નહીં. (૨) પોતાના રાજમાં વસનાર, બ્રાહ્મણ, પારસી, મુસલમાન, ખ્રીસ્તિ વગેરે ધર્મના પંડિતોની સભા પોતાના દરબારમાં ભરી ધર્મ ચર્ચા કરતો. (૩) હરેક માણસને પોતાની મરજી પ્રમાણે ધર્મ માનવાની છૂટ આપી હતી.

રાજની વ્યવસ્થાને અર્થે તેણે પોતાના રાજના પંદર ભાગ પાડી, તે દરેક ભાગપર એક એક સૂબો નીમ્યો હતો તેમને લશ્કરી તથા દીવાની સંપૂર્ણ સત્તા આપી હતી. સેનાપતિઓને જાગીરને બદલે પગાર આપવાનો ધારો કર્યો હતો. અને સૂબાઓ બરોબર બંદોબસ્ત રાખે છે કે નહીં, તેની ચોકશી પંડે રાખતો.

અકબરની જમાબંધીની રીતઃ—ખેડુતોના ઉપર જુલમ ન ગુજરે તે કારણથી તેણે પોતાના રાજમાં જમાબંધી

ની રીત બાંધી (૧) એક સરખા માપથી તમામ જમીન મપાવી. (૨) દરવીઘે દરવરસે કેટલો પાક થાયછે તે નકી કર્યું, ને તેનો ત્રીજો હિસ્સો સરકારે લેવાનું ઠરાવ્યું. (૩) દાણાને બદલે રોકડું નાણું લેવાનું ઠરાવ્યું- તેમ છતાં કોઈ દાણા આપવાને ખુશી હોય તો તે લેવાની છુટ રાખી હતી. આ પ્રમાણે જમીનની તપાસણી પહેલાં વરસો વરસ કરવામાં આવતી. પાછળથી તેમાં સુધારો કરી દશ દશ વરસે એ પ્રમાણે જમાબંધી કરવાનો ઠરાવ કર્યો. હાલ અંગ્રેજી રાજમાં ત્રીશ વરસે ફરીને જમીનની સરવે થાય છે.

અકબરના રાજમાં જમીનનું મેહેસુલ સાડાસતર કરોડ રૂપીઆ અને તેની કુલ પેદાશ ૪૨ કરોડની હતી.

અકબરના સરદારો—(૧) ટોડરમલ એ હિંદુ સરદારે જમાબંધી બાંધવામાં ઘણી મદદ કરી. (૨.) માનસિંગ એ જેપુરના રાજા ભગવાનદાસનો દીકરો હતો. તેને અકબરે પોતાનો વડો સેનાપતિ નીમ્યો હતો. તેણે પંજાબ, ઓરીઆ વગેરે પ્રાંતો જીતવામાં ઘણી મદદ કરી હતી. (૩) ભગવાનદાસ પંજાબનો સુબો હતો. (૪) અબુલ ફજલ. એ વસુલાત ખાતાનો પ્રધાન હતો. તેણે "આઇનિ અકબરી" એટલે અકબરના કાયદાનું પુસ્તક રચ્યું છે. (૫) ફૈજી એ અબુલ ફજલનો ભાઇ હતો. એ મોટો વિદ્વાન હતો તેણે સંસ્કૃતનો અભ્યાસ કરી, મહાભારત, અને રામાયણ વિગેરે પુસ્તકોના ફારશીમાં તરજુમા કર્યા. (૬) બીરબલ એ સરદાર કવિ હતો. એ સિવાય ગંગએ અકબરના દરબારમાં મોટો કવિ અને તાનસેન ગવૈયો હતો એ સિવાય

મીરજાખાં, જૈનખાં વીગેરે ઘણા સરદારો હતા.

સલીમ:—૧૬૦૫–૧૬૨૭ અકબર પછી તેનો દીકરો સલીમ જહાંગીર (દુનિયા જીતનાર) નામ ધારણ કરી ગાદી ઉપર બેઠો, અને પોતાના બાપની રાજ નીતિ તથા ધર્મ પ્રમાણે ચાલી કારભાર ચલાવ્યો. એના સામે એના મોટા દીકરા ખુશરૂએ બંડ કર્યું. તેને પકડી કેદ કર્યો ને તેનાં ૭૦૦ માણસો ને ઘાતકી રીતે મારી નાંખ્યાં.

નૂરજહાં—જહાંગીરે ગાદીપર બેઠા પછી ઇ. સ ૧૬૧૧માં નૂરજહાં સાથે લગ્ન કર્યું. એ બાઇ કંદહારમાં આવી રહેલા કોઇ ગરીબ ઇરાની ઉમરાવની બેટી હતી. તેનો બાપ ભીડમાં હોવાથી તેને મારી નાંખવાનો વિચાર કરતો હતો. તેવામાં કોઇ વેપારીએ તેને વેચાતી લીધી, અને તેની માને ધાવ તરીકે નોકર રાખી પછી તે દિલ્લીમાં આવી રહ્યો. ત્યાં અકબરના જનાનખાનામાં નૂરજહાં આવતી જતી હતી. તે વખતે જહાંગીરના જોવામાં આવી ને રૂપાળી હોવાથી જહાંગીરે તેને પરણવા ચાહ્યું. પણ અકબરને તે પસંદ નહીં પડવાથી કોઈ શીરઅફગાન નામે ઇરાની સરદાર સાથે તેને પરણાવી બંગાળે મોકલી દીધી. અકબરના મરણ પછી જહાંગીરે એ બાઇના ધણીને મારી નંખાવી તેને પોતાની પાસે તેડાવી તેની સાથે લગ્ન કર્યું. નૂરજહાંએ જહાંગીરની પ્રીતિ મેળવી તેને વશ કર્યો. અને પોતાના બાપને તથા ભાઇ અસોફખાંને મોટીમોટી જગાઓ અપાવી. પોતાની આંગળીઆટ દીકરી હતી તે જહાંગીરના દીકરા શહરીયાર સાથે પરણાવી-

જહાંગીરના દીકરા ખુરમે ઇ. સ. ૧૬૧૪માં ઊદેપુરના રાણા અમરસિંગને હરાવી તાબે કર્યો. તેથી પાદશાહે તેને શાહનો ખિતાબ આપ્યો. પછી શાહજહાંને ફોજ આપી દક્ષિણ જીતવા મોકલ્યો. દક્ષિણમાં અહમદ નગરનું રાજ અકબરે તાબે કર્યું હતું. પણ ત્યાંનો વજીર મલિકંબર. ૧૬૧૦માં સ્વતંત્ર થયો હતો. માટે શાહજહાંએ તેને હરાવી તાબે કર્યો.

શાહજહાંનું બંડઃ—જહાંગીરનો મોટો દીકરો ખુશરૂ કેદખાનામાં મરણ પામ્યો હતો. અને શાહજહાં પરાક્રમી નીકળવાથી પાદશાહની તેના ઉપર પ્રીતિ હતી. પણ નૂરજહાંની મરજી પોતાના જમાઈ શહરીયારને ગાદી અપાવવાની હોવાથી તે શાહજહાંની અદેખાઈ કરતી. એવામાં કંદહાર ઇરાની લોકોએ જીતી લીધું. તેથી ત્યાં જઇ તે પાછું જીતી લેવાનો હુકમ શાહજહાંપર પાદશાહ પાસે લખાવ્યો. તે શાહજહાંએ માન્યો નહીં. ત્યારે તેની પાસેનું લશ્કર આગ્રે મોકલવા હુકમ કર્યો. તેપણ નહીં માનતાં તેણે બંડ કર્યું. માટે તેને સજા કરવા શાહજાદા પરવીઝને તથા મોહબતખાં નામે સરદારને મોકલ્યા. તેમણે શાહજહાંને હરાવ્યાથી તે દક્ષિણમાં નાશી ગયો. મોહબતખાં ત્યાં તેની પાછળ ગયો ત્યારે તે બંગાળે ગયો. અને ત્યાંથી પાછો દક્ષિણમાં આવી અહમદનગરના વજીર મલિકંબરને મળી ગયો. છેવટ બાપ પાસે માફી માગી તાબે થયો.

મોહબતખાંનું બંડઃ—એ સરદારનું બળ તથા સત્તા વધતી જતી જોઈ નૂરજહાં તેની અદેખાઇ કરવા લાગી. પૈસા ઊચાપત કરવાનું તહોમત તેને માથે મૂકી પાદશાહની

હજુરમાં બોલાવ્યો. મોહબતખાં શુરવીર તથા ચતુર હતો, તેથી નૂરજહાંનું કપટ તેના સમજવામાં આવ્યું, માટે પોતાની ૫૦૦૦ રજપૂત સેના સહીત જે વખત જહાંગીર પાદશાહ જલમ નદી ઉતરતો હતો તે વખતે તેને પકડી કેદ કર્યો ઇ. સ. ૧૫૨૬. બીજે દિવસે નૂરજહાંએ પાદશાહને છોડાવવાને પ્રયત્ન કર્યો પણ કંઈ ફાવ્યું નહીં. ત્યારે પોતે પણ પાદશાહ જોડે કેદમાં આવી. પછી છાની રીતે મોહબતખાંના લશ્કરમાં પોતાનાં મળતીઆં માણસો રખાવી કપટથી પોતે તથા પાદશાહ મોહબતખાંના કબજામાંથી છૂટયાં. મોહબતખાં નાશીને દક્ષિણમાં શાહજહાં સાથે મળી ગયો. પછી જહાંગીર કાસ્મીર ગયો ત્યાં ઈ. સ. ૧૬૨૭માં દમના રોગે મરણ પામ્યો.

રાજ્યની હકીકત—આ પાદશાહના વખતમાં ઇંગ્લાંડના રાજાએ ઈ. સ. ૧૬૧૫ માં સરટામસરો નામે વકીલને તેના દરબારમાં મોકલ્યો હતો. તેણે જે હકીકત લખી છે તે ઉપરથી તથા જહાંગીરે પોતાનું રોજનામું લખ્યું છે તે ઉપરથી માલમ પડેછે કે એ પાદશાહ ચતડો, બુદ્ધિમાન, ને ન્યાયી હતો. તે ઘણો નીશો કરતો. તોપણ પોતાની રૈયતને દારૂ પીવાની મના કરી હતી. ઈનસાફ માગવા આવનારને હરકત ન પડે એટલા માટે તેણે પોતાના મેહેલમાં એક ઘંટ બાંધી તેની દોરી મેહેલની બહાર રાખી હતી. તેથી ફરીયાદ કરનાર બારોબાર તેને અરજ કરી શકતા. એને અદલનો ઘંટ કહેતા. એના રાજમાં તમાકુ પીવાનો ચાલ નીકળ્યો. એના રાજની કુલ પેદાશ—૫૦ કરોડ રૂપિયા હતી.

શાહજહાં—૧૬૨૭–૧૬૫૮ જહાંગીર મરણ પામ્યો ત્યારે શાહજહાં દક્ષિણમાં હતો, તે ત્યાંથી આવી અસોફખાં તથા મહોબતખાંની મદદથી ગાદી ઉપર બેઠો. ને નૂરજહાં ને કેદ કરી, તથા શહરીયાર વગેરેને મારી નાંખ્યા. ઈ. સ. ૧૬૩૦ માં માળવાના સૂબા ખાંજહાં લોદીએ બંડ કર્યું તે પણ માર્યો ગયો. ત્યારપછી ઉત્તર હિંદુસ્તાનમાં શાંતિ ચાલી.

૧૬૩૬ દક્ષિણમાં અહમદનગર તથા ઈલીચપુરનાં રાજ જીત્યાં. તે વખતે દક્ષિણમાં મરેઠા જોરપર હતા, તેમના સરદાર શાહજીએ અહમદ નગરની વજીરાત લીધી, પણ તેનું કંઈ ચાલ્યું નહીં, ને પાદશાહ સાથે સલાહ કરવી પડી.

૧૬૩૭ કંદહાર તથા કાબુલ જીત્યાં પણ કંદહારપ્રાંત ઇરાનીઓએ ૧૬૫૩ માં પાછો જીતી લીધો. તે લેવા સારૂ ઔરંગજેબ તથા દારાએ બેવાર પ્રયત્ન કર્યા પણ કાંઈ વળ્યું નહીં.

૧૬૫૭—બેદરનું રાજ લીધું. ને શાહજાદા ઔરંગજેબે ગોવલકોંડા તથા વિજાપુરના રાજાઓને ખંડણી આપવાની જરૂર પાડી.

ઔરંગજેબનું બંડ:—શાહજહાંને ચાર છોકરા હતા. દારા, સુજા, ઔરંગજેબ, ને મુરાદ. તે દરેકને મોટા મોટા હોદાઓ આપી પ્રાંતોના સૂબા નીમ્યા હતા તે દરેકનો સ્વભાવ જુદો હતો. દારા—પ્રમાણિક ને તામસી હતો. સુજા વિષયાશક્ત ને દારૂડીઓ, હતો, મુરાદ કમ અક્કલનો પણ બહાદુર. ઔરંગજેબ થંડા મિજાજનો, કપટી, યુક્તિબાજ, બહાદુર ને ધર્મને બહાને પોતાનું કામ કાઢી લે તેવો હતો.

ઈ. સ. ૧૬૫૭ માં શાહજહાં માંદો પડયો ત્યારે દારા

તેની પાસે હતો. સુજા બંગાળાનો, મુરાદ ગૂજરાતનો, ને ઔરંગઝેબ દક્ષિણનો સૂબો હતો. તેઓ પોત પોતાને પાદશાહ કહેવડાવવા લાગ્યા. તેથી દારાએ જઇને સુજાને બનારસ આગળ હરાવીને બંગાળે નસાડી મૂક્યો. પછી શાહજહાં સાજો થવાથી રાજકારભાર પોતાને હાથે લીધો. પણ તેના દીકરાઓ માંહોમાંહે લઢવા લાગ્યા. ઔરંગઝેબે મુરાદને ભોળવી રાજ અપાવવાની લાલચ બતાવી પોતાના પક્ષમાં લીધો. પછી ઔરંગઝેબ અને મુરાદની એકઠી મળેલી ફોજ દારા સામે ચાલી. દારાએ પોતાના સરદાર જસવંતસીંહને તેમના સામે મોકલ્યો. તેણે જઇ ઉજ્જન આગળ સંપીલા-ભાઇઓ સાથે લઢાઇ કરી, પણ તેમાં હાર્યો. તેથી મુરાદ તથા ઔરંગઝેબ આગળ ચાલ્યા, અને આગ્રા આગળ દા-રાને હરાવી નસાડી મૂક્યો. પછી ઔરંગઝેબ આગ્રા જીતી પોતાના બાપ પાસે ગયો. તેણે એને ગાદી આપવાની ના પાડવાથી તેને કેદ કર્યો, અને પોતાના ભાઈ મુરાદને પણ દગાથી બંધીખાને નાંખી ઇ. સ. ૧૬૫૮ માં ઔરંગઝેબ પાદશાહ થયો.

શાહજહાંના રાજની હકીકત–એ પાદશાહે કરકસરથી ખર્ચ ચલાવી ઘણો પૈસો એકઠો કર્યો, ને તે વડે સારાં સારાં મકાનો બંધાવી વૈભવ ભોગવવા લાગ્યો. દિલ્લીમાં જુમા મસીદ, રાજમેહેલ વગેરે સારી સારી ઇમારતો બંધાવી તથા આગ્રામાં મોતી મસ્જીદ ને તાજ મેહેલનામે સુંદર આર-સની ઇમારત બંધાવી. એના જેવું સુંદર મકાન દુનિયાંમાં બીજું નહીં હશે. એના સરદાર અલીવર્દિખાએ ઇમારતી

કામમાં તેને સારી મદદ કરી હતી. વળી એણે સાડા ૭ કરોડ રૂપિઆ ખર્ચી પોતાને બેસવા માટે મયુરાસન બંધાવ્યું. તેની પૂછડીમાં હીરા, માણેક, મોતી, પાનાં, વગેરે નંગ જડાવ્યાં હતાં. એના વખતમાં દેશ આબાદ ને રૈયત સુખી હતી, તથા તેના દરબારનો ભપકો સારો હતો. ન્યાયથી વર્તી સારા પ્રધાનો નીમી રૈયતની આબાદાની વધારી હતી.

ઔરંગજેબઃ—૧૬૫૮–૧૭૦૭ એણે પોતાના બાપને પદભ્રષ્ટ કરી આલમગિર નામ ધારણ કરી ગાદી ઉપર બેસી પોતાના ભાઈઓનો નાશ કર્યો. પ્રથમ દારા ઉપર ચઢાઈ કરી અજમેર આગળ તેને હરાવ્યો. તેથી દારા નાસી સિંધમાં ગયો, ત્યાંના જુના તાલુકદારે તેને તથા તેના દીકરાને પકડી દિલ્લી મોકલી દીધા. આલમગિરે તેને થોડીવાર કેદમાં રાખી ઈ. સ. ૧૬૫૯ માં મારી નંખાવ્યો. પછી સુજા સાથે લઢાઈ કરી તેને આરાકાનમાં નસાડી મૂકયો. ત્યાં તે ઇ. સ. ૧૬૬૦ માં મરણ પામ્યો, અને મુરાદને ઈ. સ. ૧૬૬૧ માં કેદખાનામાં મારી નંખાવ્યો. તથા દારાનો દીકરો સુલેમાન ગ્વાલીઅરના કીલ્લામાં કેદ હતો તે પણ મરણ પામ્યો.

એ પ્રમાણે પોતાના ભાઇ ભત્રિજાઓને મારી આલમગિર શાંતીમાં રાજ કરવા લાગ્યો.

આસામપર ચઢાઈઃ—તેના સરદાર મીરજુમ્લાએ ઇ. સ. ૧૬૬૨ માં આસામપર ચઢાઇ કરી, પણ ત્યાંનાં ખરાબ હવા પાણી અને ડુંગરી પ્રદેશને લીધે પાછું આવવું પડયું. પાછાં આવતાં વાટમાં તે મરણ પામ્યો.

રજપૂતો સાથે અણબનાવઃ—રજપૂત રાજ્યો સાથે અકબરે પ્રીતથી વર્તી તેમને પોતાના મિત્ર કર્યા હતા, પણ ઔરંગઝેબે ધર્માંધપણાથી તેમનો તિરસ્કાર કર્યો, ને હિંદુ મુસલમાન વચ્ચે ભેદ ગણ્યો. હિંદુઓને સરકારી મોટા હોદ્દાઓની નોકરીમાંથી બાતલ કર્યા, તથા અકબરના વખતથી નીકળી ગએલો જજીઆ વેરો લેવો શરૂ કર્યો. તેથી ઘણાક હિંદુઓ નાખુશ થઇ તેના સામે લડવા ઉઠ્યા.

આ વખતે રજપૂતોનાં ત્રણ મોટાં રાજ હતાં. ૧ જોધપૂર, ૨ જેપુર, ૩ ઉદેપુર. તેમાંથી જોધપુર તથા જેપુર વાળાઓને ઔરંગઝેબે દગાથી મારી નંખાવ્યા, વળી જોધપુરનો રાજા જસવંતસીંહ જે કાબુલનો સુબો હતો, તે મરણ પામવાથી તેનાં બાઇડી છોકરાં હિંદમાં આવતાં હતાં તેમને પકડવાની ઔરંગઝેબે કોશિષ કરી. તેમને ઉદેપુરના રાણા રાજસીંહે ઘણી મેહેનત કરી બચાવ્યાં, ને જોધપુર મોકલી દીધાં. તે કારણથી તથા જજીઆવેરાની સામે થઇ રજપૂત સેનાની આગેવાની રાજસીંહે કરી હતી તેથી ઔરંગઝેબે મોટી ફોજ એકઠી કરી પોતાના શાહજાદા અકબરની સરદારી નીચે ઉદેપૂર મોકલી તે વખતે રજપૂત સરદાર દુર્ગાદાસે શાહજાદા અકબરને તેના સૈન્ય સહિત રાજ અપાવવાની લાલચ બતાવી પોતાના પક્ષમાં લીધો. ઈ. સ. ૧૬૮૦. પણ આલમગિરે હોંશીયારીથી મોગલ સૈન્યને સમજાવી પોતાના પક્ષમાં લીધું. તેથી અકબર નાશી દક્ષિણમાં મરેઠાને આશ્રે ગયો. પણ ત્યાં નહીં ફાવવાથી ઇરાન જતો રહ્યો ને ત્યાં મરણ પામ્યો. તોપણ રજપૂતોએ

હિંમત નહીં હારતાં બહાદુરીથી લઢી મુસલમાનોને ઘણું નુકશાન કર્યું. આખરે ઔરંગજેબે ઈ. સ. ૧૬૮૧ માં તેમની સાથે સલાહ કરી.

દિલ્લીની પાસેના નારનોળ ગામમાં સતનરામી પંથના હિંદુઓએ ઔરંગજેબના જુલમથી બળવો ઉઠાવ્યો. તેમને ઈ. સ. ૧૬૭૯ માં હરાવ્યા. વળી પંદરમા સેંકડામાં નાનક શાહે પંજાબમાં શીખ ધર્મ સ્થાપ્યો હતો. તેમના ઉપર જુલમ કરવાથી નાનકથી દશમા પુરૂષ ગુરૂગોવિંદે શીખ લોકોને હથિઆર જલાવી મુસલમાન સામે લઢવાને ઉશ્કેર્યા.

દક્ષિણ ઉપર ચઢાઈ:—ઔરંગજેબે પોતાના બાપના વખતમાં દક્ષિણનાં વિજાપુર તથા ગોવલકોંડાનાં રાજને ખંડણી આપવાની જરૂર પાડી હતી. તોપણ તે સંપૂર્ણ જીતાયાં નહોતાં. તેથી તેમને જીતવાને માટે ઇ. સ. ૧૬૫૮થી ૧૬૮૩ સુધી પ્રયત્નો કર્યા, ને છેલ્લે ૧૬૮૮ માં એ બંને રાજ જીતી લીધાં. એ વખતે દક્ષિણમાં મરેઠા જોરપર હતા. તેમને વિજાપુર અને ગોવલકોંડાનાં રાજમાંથી નવરાં પડેલાં લશ્કરી માણસો આવી મળ્યાં, તેથી મરેઠા વધારે જોરાવર થયા. તેમનેવશ કરવાને ઔરંગજેબે જીવતા સુધી પ્રયત્નો કર્યા પણ કંઈ વળ્યું નહીં.

મરેઠા—મરેઠી વંશનો મૂળ પુરૂપ માલોજી અહમદનગરના રાજમાં નોકર હતો. તેને શાહજીનામે પુત્ર થયો અને એ શાહજીનો દીકરો શીવાજી થયો. તે ઇ. સ. ૧૬૨૭માં જન્મ્યો હતો. તેના બાપને અહમદનગર અને વિજાપુરના રાજાઓએ બે જાગીરો આપી હતી. ૧ સતારાની દક્ષિણે.

૨ તંજાવરમાં. શીવાજી પોતાની મા પાસે પહેલી જાગીરમાં રહેતો હતો. તેને કેળવણી આપવાને દાદાજીકોંડ દેવનામે બ્રાહ્મણને રાખ્યો હતો. શીવાજી બહુ ભણ્યો નહીં. પણ હથિઆર વાપરવાનું તથા ઘોડે બેસવાનું કામ સારી રીતે શીખ્યો. અને ઉમર લાયક થતાં આસપાસના પહાડી લોકોને એકઠા કરી, તથા હિંદુઓમાં ધર્માભિમાન ઉત્પન્ન કરી, વિજાપુર તાબાના કેટલાક ડુંગરી કિલ્લા જીતવા લાગ્યો. તેને વશ કરવા વિજાપુરના પાદશાહે અફજલખાં નામે સરદારને મોકલ્યો. શીવાજીએ દગાથી તેને પ્રતાપ ગઢના ડુંગરી કિલ્લામાં મારી નાંખ્યો.

મેરેઠાઓની લઢવાની રીત એવી હતી કે દુશ્મનોની સામે ઉભા રહી લઢવું નહીં. પણ તેમના ઉપર ઓચિંતો છાપો મારવો, કે તેમની છાવણીઓ લૂટી હેરાન કરવા, ને પછી નાશી જવું. શીવાજી પાસે કસાએલા હિંદુસ્વારોનું લશ્કર હતું, તેમને તે પગાર આપતો નહોતો પણ લૂટમાંથી ભાગ આપતો, ને જરૂર પડે એકઠા કરતો.

મોગલો દક્ષિણમાં વિજાપુરનું રાજ જીતવા લાગ્યા, તે વખત શીવાજી એકવાર દક્ષિણના મુસલમાનોને, તો એકવાર ઔરંગજેબને, મદદ કરી પોતાનું કામ કાઢી લેતો. એ પ્રમાણે કોકણ તથા મહારાષ્ટ્રનો ઘણો ભાગ તેના તાબામાં આવ્યો. તેણે ઈ. સ. ૧૬૬૨ માં ઔરંગજેબના મામા સાઈસ્તખાંને પુનામાંથી રાતની વખતે છાપો મારી જખમી કરી નસાડયો. અને ઈ. સ. ૧૬૬૩ માં સુરત

શહેર પહેલીવાર લૂટી ઘણું ધન મેળવ્યું. ઈ. સ. ૧૬૬૪ માં તેનો બાપ મરણ પામવાથી રાયગઢમાં પોતાની રાજધાની કરી શીવાજી ગાદી ઉપર બેઠો. ને પોતાને રાજા કહેવડાવવા લાગ્યો તેણ ઈ. સ. ૧૬૬૫માં ઔરંગઝેબને વિજાપુર જીતવામાં મદદ કરી. તેથી ઔરંગઝેબે તેને પોતાની રાજધાની દિલ્લીમાં આવવાને આમંત્રણ કર્યું. માટે શીવાજી પોતાના દીકરા સંભાજીને સાથે લઈ દિલ્લી ગયો. પાદશાહે તેનો આદર સત્કાર ન કરતાં કેદ કરી તેની આસપાસ ચોકી પહેરા મૂકયા. તેમ છતાં શીવાજી યુક્તિથી પોતાના દીકરા સહિત છુપી રીતે પોતાની રાજધાની રાયગઢમાં નાશી ગયો. ઈ. સ. ૧૬૬૬. તે પછી શીવાજીએ. ઇ. સ. ૧૬૭૦ માં સુરત શહેર બીજીવાર લૂટયું. અને ૧૬૭૪માં ફરીને રાજ્યાભિષેક કરાવી પોતાની તુલા સોનાથી કરી. રાજાધિરાજ કહેવાયો, ને ઈ. સ. ૧૬૮૦ માં મરણ પામ્યો.

તે શરીરે ઠીંગણો પણ મજબૂત બાંધાનો હતો. તેણે લોકોમાં હિંદુધર્મનું અભિમાન ઉત્પન્ન કર્યું. તેન પછી તેનો દીકરો સંભાજી ગાદી ઉપર બેઠો. ૧૬૮૦. કલુશા નામના બ્રાહ્મણની ખરાબ સોબતમાં પડી, સંભાજી એકવાર નીશામાં ચકચૂર થઈ બાગમાં બેઠો હતો. તેવામાં ઔરંગઝેબે તેને પકડી કેદ કર્યો. ને કહ્યું કે જો મુસલમાન થાયતો જીવતો મૂકું. ત્યારે તેણે પાદશાહને કહ્યું કે તારી બેટી પરણાવે તો મુસલમાન થાઉં. તેથી બીજવાઇને પાદશાહે તેને બહુ ઘાતકી રીતે મારી નાંખ્યો; અને તેના દીકરાને કુટુંબ સહિત કેદ કરી દિલ્લી લઈ ગયો. ઇ. સ. ૧૬૮૯.

સંભાજી પકડાયાથી ઔરંગજેબે જાણ્યું જે હવે મરેઠા વશ થશે પણ તેની એ ધારણા ખોટી પડી. મરેઠી સરદારોએ શંભાજીના ઓરમાઈ ભાઈ રાજારામને ગાદી ઉપર બેસાડી તેને જિંજીના કિલ્લામાં રાખ્યો. ઔરંગજેબને તેની ખબર પડવાથી જુલફિકારખાં નામે સરદારને મોકલ્યો. તેણે જિંજીગઢ જીત્યો પણ રાજારામ લાંચ આપી નાશી ગયો ને ઈ. સ. ૧૭૦૦ માં મરણ પામ્યો.

રાજારામ મરણ પામવાથી તેના દીકરા શીવાજી બીજાને ગાદી મળી પણ તે નાનો હોવાથી તેની મા તારાબાઈ કારભાર કરવા લાગી. તેણે ઘણી બહાદુરીથી ઔરંગજેબને મરતાં સુધી હંફાવ્યો. છેલ્લે. ઇ. સ. ૧૭૦૭ માં ૮૯ વરસની ઉમરે અહમદ નગરના કિલ્લામાં ઔરંગજેબ મરણ પામ્યો.

ઔરંગજેબના ગુણ દોષ તથા રાજની હકિકત— એ શૂરો, ચતુર, દીર્ઘદ્રષ્ટીવાળો, ઉદ્યોગી, ધીરજવાન, કપટી, ઘાતકી, ને ધર્માંધ હતો. તેણે હિંદુઓ ઉપર જુલમ કરવાથી તેના રાજનો જલદી નાશ થયો. એનું રાજ કાસ્મીરથી કંન્યા કુમારી સુધી અને સિંધથી આસામ સુધી હતું. અને તેની કુલ ઉપજ ૮૦ કરોડ રુપિઆ હતી.

બહાદુરશાહ કે શાહઆલમ ૧ લો—૧૭૦૭–૧૭૧૨ ઔરંગજેબના મરણ પછી તેના ત્રણે દીકરા, મોઆજીમ, આજીમ, ને કામ બક્ષ ગાદીને માટે માંહોમાંહે લઢયા. છેલ્લે બધાને મારીને મોઆજીમ બહાદુરશાહ નામ ધારણ કરી ગાદી ઉપર બેઠો. તેના રાજની લગામ જુલફીકારખાં નામે વજીરને હાથ હતી. એના વખતમાં પંજાબમાં શીખ લોકોએ

પોતાના સરદાર બંદુની સરદારી નીચે બંડ ઉઠાવ્યું. તેમની સામે લડવા માટે શાહઆલમે મરેઠાઓને ચોથ ઊઘરાવવાનો અને રજપૂતોને સ્વતંત્રતાનો હક આપી સંધિ કરી. ને ઈ. સ. ૧૭૦૭ થી ૧૭૧૨ સુધી શીખલોકો સાથે લડાઇ ચલાવી. પણ તે લોકો પૂરા વશ થયા નહીં, ને તેજ સાલમાં એ પાદશાહ મરણ પામ્યો.

જહાંદારશાહ—૧૭૧૨–૧૭૧૩–એ શાહઆલમનો વડો દીકરો જુલફીકારખાં નામે સરદારની મદદથી પોતાના ભાઇ ભત્રિજાઓને મારીને ગાદી ઉપર બેઠો. પણ થોડા વખત પછી તેની કતલમાંથી બચેલો તેનો ભત્રિજો ફરૂખશિર બહાર પ્રાંતના સુબા સૈયદહુસેન તથા તેના ભાઈ અલ્હાબાદના સુબા સૈયદ અબદલ્લાની મદદ લઈ લડવા આવ્યો. તેમાં જહાંદારશાહ પોતાના વજીર જુલફીકારખાં સહિત ઇ. સ. ૧૭૧૩ માં આગ્રાની લડાઇમાં મરાર્યો. ને ફરૂખશિર પાદશાહ થયો.

ફરૂખશિર–૧૭૧૩–૧૭૧૯–સૈયદહુસેન તથા અબદલ્લાની મદદથી એ પાદશાહ થયો. માટે એ બે સૈયદ ભાઈઓને હાથ તેનો કારભાર આવ્યો. જોધપુરના રાજા સાથે લડાઈ ચાલતી હતી, તે રાજાની કન્યા પાદશાહે પરણવી, એ સરતે તેની સાથે સલાહ કરી. પણ એવામાં શાહ માંદો પડવાથી લગ્નમાં ઢીલ થઇ. એ વખતે હેમીલ્ટન નામે અંગ્રેજી દાક્તર પાદશાહના દરબારમાં આવ્યો હતો, તેણે શાહને સાજો કર્યો, ને ઝટ લગ્ન કર્યું. દાક્તરને ખુશી કરવા માટે તેની ઇચ્છા પ્રમાણે અંગ્રેજી કંપનીને બંગાળાના ૩૭

તાલુકાની જમીનદારી અને કંપનીના માલના હાંસલની માફીની સનંદ આપી.

પંજાબમાં શીખ સરદાર બંદુ લૂટફાટ કરવા લાગ્યો તેને તેનાં માણસો સહિત કેદ પકડી ઘાતકી રીતે મારી નાંખ્યો. ઈ. સ. ૧૭૧૬

સૈયદ અબદલ્લા પાદશાહનો વજીર થઈ તેની પાસે રહ્યા ને હુસેન મરેઠાને વશ કરવા નિઝામ ઊલમૂલ્ક અસોફઝાને ખસેડી દક્ષિણમાં ગયો. તેણે મરેઠાને ચોથ આપવાનો કરાર કરી તેમની સાથે સલાહ કરી, ને તે કરાર પાદશાહ પાસે મંજુર કરાવવા માટે દશ હજાર મરેઠા સૈન્ય સહિત પેશ્વા બાલાજી વિશ્વનાથને દિલ્લી તેડી લાવ્યો. ફરૂખશીરે તે કરાર મંજુર કર્યો નહીં, ને અબદલ્લાને પોતાની પાસેથી ખસેડવાનો વિચાર કર્યો. તેથી તે બે સૈયદ ભાઇઓએ પાદશાહને મારી નાંખ્યો. ઇ. સ. ૧૭૧૯. પછી એક નાની ઉમરના બાળકને લાવી ગાદી ઉપર બેસાડ્યો. તે થોડા વખતમાં મરણ પામવાથી બીજા બાળકને બેસાડ્યો. તેપણ મરણ પામવાથી મહુમદશાહ નામે ત્રીજા બાળકને ગાદી ઉપર બસાડ્યો, તેથી એ સૈયદોને પાદશાહ બનાવનાર કહેછે.

મહુમદશાહ:—૧૭૧૯–૧૭૪૮–ફરૂખશીરને મારી નાંખવાથી ઘણા સરદારો સૈયદો ઉપર ગુસ્સે થયા, અસોફઝા નામે મોટો સરદાર બંડ કરી દક્ષિણ ગયો. તેને જીતવા સૈયદ હુસેન પાદશાહને લઈને દક્ષિણમાં જતો હતો તેવામાં રસ્તામાં તેને કોઇએ દગાથી મારી નાંખ્યો, અને તેના ભાઈ અબદલ્લાને અસોફઝાએ ૧૭૨૦માં દિલ્લી પાસેના શાહપુર

ગામ આગળ હરાવી કેદ કર્યો. પછી પાદશાહે અસોફ્જાને વજીરાત આપી. પણ તેની નઠારી ચાલથી કંટાળી અસોફ્જા રાજીનામું આપી દક્ષિણ ગયો.

આ વખને મરેઠી રાજા શાહુનો વજીર પેશ્વા બાલાજી વિશ્વનાથ ૧૭૨૦માં મરણ પામવાથી તેનો દીકરો બાજીરાવ પેશ્વા થયો. તે બહુ શૂરોને ચતુર હતો. તેણે મુસલમાની રાજ તોડવાનો વિચાર કર્યો. બાજીરાવે માળવાને ગૂજરાતપર ચઢાઈ કરી ચોથ લીધી. બાજીરાવનો મોટો દુશ્મન અસોફ્જા હતો. તેણે ગૂજરાતમાં રહેલા મરેઠી સરદાર દાભાડે જોડે દોસ્તી કરી. પણ બાજીરાવે આવીને ૧૭૩૪માં ડભોઈ આગળ દાભાડેને હરાવી મારી નાંખ્યો, ને તેની જગાએ તેના છોકરાને નીમ્યો, તથા ચંબલનદી સુધીનો માળવા પ્રાંત જીતી લીધો. દિલ્લીના પાદશાહ મહમદશાહ પાસે બાજીરાવે ઘણોક મુલક તથા ખંડણી માગવાથી તેણે તે આપવાની ના પાડી અને અસોફ્જાને પોતાના પક્ષમાં લઇ તેને મરેઠા સામે લઢવા મોકલ્યો. તેને બાજીરાવે ભોપાળ આગળ ૧૭૩૬માં હરાવી બુંદેલખંડ સુધીનો મુલક લીધો.

એવામાં ઈરાની પાદશાહ નાદિરશાહે હિંદપર સ્વારી કરી ઇસ્વી સન ૧૭૩૮ માં દિલ્લી આવ્યો, મહમદશાહને હરાવી દિલ્લી શહેર લુટી કતલ ચલાવી ૩૦ હજાર માણસોના પ્રાણ લીધા. તથા પાદશાહી ખજાનો મયુરાસન કોહીનૂર વગેરે રત્નો મળી આશરે ૩૨ કરોડની દોલત લઇ ગયો.

નાદિરશાહના ગયા પછી ઇ. સ. ૧૭૪૦માં બાજીરાવ પેશ્વા મરણ પામ્યો. તેની જગાએ તેનો મોટો દીકરો બાલાજી પેશ્વા થયો. વરાડના મરેઠી સરદાર રાઘોજી ભોંસલાની

મરજી પેશ્વા (બ્રાહ્મણ પ્રધાનો) ની સતા અટકાવી મરેઠાઓને પ્રબળ કરવાની હતી, પણ તેનું કંઇ નહીં ચાલવાથી તે પેશ્વા સાથે મળી ગયો. એ વખતે ગુજરાતમાં ગાયકવાડ, માળવામાં સિંધીઆ ને હોલકર ને વરાડમાં ભોંસલા એ મરેઠી સરદારો કરતા કારવતા હતા, ને બાલાજી પેશ્વનો ભાઇ રઘુનાથરાવ મરેઠી લસકરનો મુખ્ય સેનાધિપતિ હતો.

નાદિરશાહ ઇરાન ગયા પછી મરણ પામ્યો, પછી તેનો સરદાર અહમદ દુરાની કંદહારમાં સ્વતંત્રપણે રાજ કરવા લાગ્યો. તેણે ઇ. સ. ૧૭૪૮માં હિંદપર પહેલી સ્વારી કરી, તેને મહમદશાહના દીકરા અહમદશાહે અને વજીર કમરૂદીને મળી સરહિંદ આગળ હરાવ્યો. પછી મહમદશાહ મરણ પામવાથી તેનો દીકરો અહમદ પાદશાહ થયો.

અહમદશાહ:—૧૭૪ –૧૭૫૪–એના વખતમાં રોહીલા લોકે બંડ કર્યું. તેમના સામે પાદશાહે વજીર સાદતખાં (સફદરજંગ) ને મોકલ્યો. પણ તે હાર્યાથી અહમદશાહે મરેઠાઓની મદદ મેળવી રોહીલા લોકોને ૧૭૫૧માં તાબે કર્યા. એવામાં અહમદ દુરાનીએ બીજીવાર સ્વારીકરી, તેને પંજાબપ્રાંત આપી પાછો કાઢયો. ૧૭૫૨. એ પછી તેના વજીર ગ્યાસુદ્દીને તેને આંધળો કરી મારી નાંખ્યો. ૧૭૫૪. ને બીજા આલમગિરને ગાદી ઉપર બસાડયો.

આલમગિર બીજો:—૧૭૫૪–૧૭૫૯–એના વખતમાં પંજાબમાં અહમદદુરાનીના મૂકેલા સૂબાને વજીર ગ્યાસુદ્દીને કાઢી મૂકયો. તેથી અહમદદુરાની ૧૭૫૬માં ત્રીજીવાર ચઢી આવ્યો. ને દિલ્હી તથા મથુરાં લૂટી ઘણાં માણસોને કેદ કરી પોતાના દેશમાં લઇ ગયો. તેથી પાદશાહે ગ્યાસુદ્દીનને કાઢી

એક રોહીલા સરદારને વજીર બનાવ્યો, માટે ગ્યાસુદ્દીને રઘુનાથરાવ પેશ્વાને પોતાની મદદે બોલાવ્યો. તેણે આવી દિલ્લી લીધું ને ગ્યાસુદ્દીનને ફરીને વજીરાત અપાવી. પછી રઘુનાથરાવે દુરાનીના તાબાનો પંજાબપ્રાંત જીતી લીધો. તેથી અહમદદુરાની ચોથીવાર ચઢી આવ્યો. ૧૭૫૯. તેને મરેઠી સરદાર સદાશીવ ભાઊએ હરાવ્યો. અને ગ્યાસુદ્દીને આલમગિરને મારી નાંખી શાહઆલમ બીજાને ગાદી ઉપર બેસાડ્યો. ૧૭૫૯.

શાહઆલમ બીજો:—૧૭૫૯–૧૮૦૬—આ વખતે મરેઠા ઘણા બળવાન હતા. તેમણે દિલ્લી તથા લાહોર જીત્યાં, અયોધ્યા તથા બંગાળાના નવાબો પાસેથી ખંડણી લીધી, ગુજરાત તથા માળવા કબજે કર્યા, અને દક્ષિણમાં નિઝામને હરાવ્યો. એવામાં દુરાની પાંચમીવાર ૧૭૬૧માં આવ્યો. તેની સાથે લડવાને સદાશીવ ભાઊની સરદારી નીચે મોટું મરેઠી સૈન્ય ચાલ્યું. ગાયકવાડ, સિંધીઆ, હોલકર વગેરે મરેઠા સરદારો તથા ભરતપુરનો જાટરાજા સુરજમલ અને કેટલાક રજપૂત રાજાઓ તથા ચાકર માણસો મળી આશરે ત્રણ લાખ માણસો મરેઠી સૈન્યમાં હતું. અને અહમદદુરાની પાસે બધું મળી ૯૧ હજાર માણસ હતું. સદાશીવ ભાઊએ જાટરાજાનું કહ્યું નહીં માનતાં લઢાઇનો આરંભ કર્યો. તેથી સુરજમલ પોતાના રાજમાં જતો રહ્યો, અને ૧૭૬૧માં પાણીપતના મેદાનમાં ભાઊએ દુરાની સાથે લઢાઈ કરી. તેમાં ભાઊ પોતે અને બાળાજી પેશ્વાનો દીકરો વિશ્વાસરાવ તથા આશરે બે લાખ મરેઠા માર્યા ગયા. દુરાની પણ જીત કરીને પાછો ગયો. તે ફરીને આવ્યોજ નહીં. અને લઢાઇમાંથી

બચેલા મરેઠા પણ દક્ષિણ ગયા. તેથી શાહઆલમ. ૧૭૭૧ સુધી અંગ્રેજને કબજે રહ્યો, પણ તેજ સાલમાં મરેઠાએ તેને થોડો મુલક આપવાથી તેમના આશ્રા નીચે રહ્યો, પણ ૧૭૮૬માં ગુલામ કાદર નામે સરદારે તેને આંધળો કર્યો. પછી સિંધીઆએ પોતાને કબજે કર્યો. ૧૮૦૩ લાર્ડલેકે તેને છોડાવ્યો ને ૧૮૦૬માં મરણ પામ્યો. એનું રાજ નામનું માત્ર હતું.

અકબર બીજો:—૧૮૦૬–૧૮૩૭–એ માત્ર નામની ગાદી ભોગવી મરણ પામ્યો. તેના પછી તેનો પુત્ર મહમુદ બહાદુરશાહ ગાદીએ બેઠો.

મહમદ બહાદુરશાહ—૧૮૩૭–૧૮૫૭–એ મોગલવંશનો છેલો પાદશાહ હતો. ને ૧૮૫૭ના બળવામાં સામેલ થવાથી અંગ્રેજોએ તેને કેદ કરી રંગુનમાં રાખ્યો. ત્યાં ૧૮૬૨માં મરણ પામ્યો. એ રીતે મોગલવંશનો અંત આવ્યો.

સમાપ્ત

મુસલમાની વખતની સાલવારી.

ઈ. સ.

૫૭૦ મુસલમાથી ધર્મ સ્થાપનાર મહમદપેગમ્બર જન્મ્યો.
૬૦૯ મહમદપેગમ્બરે મુસલમાની ધર્મ ચલાવ્યો.
૬૨૨ મહમદ મદીને નાશી ગયો, ત્યારથી હીજરીસન ગણાયો.
૬૩૨ પેગમ્બરનો મદીનામાં કાળ થયો.
૭૧૨ કાસીમે સિંધપર સ્વારી કરી દાહીરરાજાને હરાવ્યો.
૧૦૦૧ મહમદ ગિજનીએ જયપાળ ઉપર ચઢાઈ કરી.
૧૦૦૮ અનંગપાળને પેશાવર આગળ મહમુદે હરાવ્યો.
૧૦૨૪ મહમદ ગિજનીએ ગૂજરાતમાં સોમનાથનું દેરૂં લૂટયું.
૧૦૩૦ મહમદ ગિજની મરણ પામ્યો.
૧૧૫૨ ઘોરીબાદશાહે ગિજનીનું રાજ બેહેરામ પાસેથી લીધું.
૧૧૮૬ ખુશરૂમલેક પાસેથી શાહબુદીને પંજાબ જીત્યું.
૧૧૯૧ સ્થાનેશ્વર આગળ પૃથુરાજે શાહબુદ્દીનને હરાવ્યો.
૧૧૯૩ શાહબુદ્દીને પૃથુરાજ ઉપર બીજી સ્વારી કરી તેને પાણીપતના મેદાનમાં હરાવ્યો ને માર્યો.
૧૧૯૫ કુતબુદ્દીને ગૂજરાતપર ચઢાઈ કરી ભોળાભીમને હરાવ્યો
૧૧૯૯ શાહબુદ્દીનના સરદાર બખ્તીઆર ખિલજીએ બહાર પ્રાંત જીત્યો.
૧૨૦૩ બખ્તીયાર ખિલજીએ બંગાળા પ્રાંત ત્યાંના હિંદુરાજા પાસેથી જીત્યો.
૧૨૦૬ ગક્કરલોકે શાહબુદ્દીનને મારી નાંખ્યો.
૧૨૧૦ કુતબુદ્દીન મરણ પામ્યો ને આરામ ગાદી ઉપર બેઠો.
૧૨૨૯ અલ્તમસે બહાર ને બંગાળાપ્રાંત જીતી લીધા.
૧૨૩૧ અલ્તમસે માળવાપ્રાંત જીત્યો.

૧૨૩૬ રજીઆબેગમ ગાદીપર બેઠી.

૧૨૩૯ રજીઆબેગમને ગાદીએથી ઉઠાડી બેહેરામને બેસાડ્યો.

૧૨૪૧ બેહેરામ મરણ પામ્યો ને અલાઉદ્દીન મસાઉદ પાદશાહ થયો.

૧૨૪૫ મસાઉદ મુઓ ને નાશરૂદ્દીન પાદશાહ થયો.

૧૨૬૫ નાસરૂદ્દીન મરી ગયો ને તેનો વજીર બલબન ગાદી ઉપર બેઠો.

૧૨૮૭ બલબન મરી ગયો ને કૈકુબાદ ગાદીએ બેઠો.

૧૨૯૦ કૈકુબાદને મારી જલાલુદ્દીન ખિલજી પાદશાહ થયો.

૧૨૯૫ જલાલુદ્દીન ને તેના ભત્રિજા અલાદ્દીને મરાવી રાજલીધું

૧૨૯૭ અલાઉદ્દીને ગૂજરાતના કરણઘેલા પાસેથી તેનું રાજલીધું

૧૩૦૩ અલાઉદ્દીને ચિતોડપર ચઢાઈ કરી.

૧૩૦૬ મલેકકાફુરે વરંગુળ તથા દેવગિરિ જીતી લીધાં.

૧૩૧૦ મલેકકાફુરે કર્ણાટક સુધીનો મુલક જીતી લૂટી લીધો.

૧૩૧૨ મલેકકાફુરે દક્ષિણમાં રામેશ્વરમાં એક મસીદ બંધાવી.

૧૩૧૫ મલેકકાફુરે અલાઉદ્દીનને ઝેર દઈ મારી નાંખ્યો.

૧૩૧૬ કાફુર મરાયો ને મુબારક પાદશાહ થયો.

૧૩૨૦ મુબારકને મારી ખુશરૂ ગાદી ઉપર બેઠો.

૧૩૨૪ ગ્યાસુદ્દીન ચગદાઈ મુઓ ને જુમાખાં (મહમદ) પાદશાહ થયો.

૧૩૩૮ માળવામાં મહમદ ગાંડાના ભત્રિજાએ બંડ કર્યું. તેને મારી નાંખ્યો.

૧૩૪૦ પંજાબમાં બળવો થયો.

૧૩૪૪ તેલંગણના હિંદુરાજા સ્વતંત્ર થયા.

૧૩૪૭ કલબર્ગામાં હુસેન ગંગુએ બ્રાહ્મણી રાજ સ્થાપ્યું.

૧૩૫૧ મહમદગાંડો ઠઠામાં મરણ પામ્યો.
૧૩૮૮ ફીરોજ પાદશાહ મરણ પામ્યો.
૧૩૯૨ નાસરૂદ્દીન મરણ પામ્યો ને સિકંદર પાદશાહ થયો.
૧૩૯૪ જુવાનપુરનો સુબો સ્વતંત્ર થયો.
૧૩૯૬ ગુજરાતનો સુબો સ્વતંત્ર થયો.
૧૩૯૮ તૈમુરે હિંદુસ્તાનપર ચઢાઇ કરી દિલ્લી શહેર પાંચ દિવસ લૂટયું તથા બાળ્યું.
૧૪૦૧ માળવા સ્વતંત્ર થયું.
૧૪૧૨ છેલ્લો મહમદ તઘલખ મરણ પામ્યો.
૧૪૧૪ પંજાબના સુબા ખિજરખાંએ દિલ્લીનું રાજ લીધું.
૧૪૨૧ ખિજરખાં મરણ પામવાથી મુબારક પાદશાહ થયો.
૧૪૩૩ મુબારકને તેના વજીરે માર્યો.તેથી મહમદ ગાદીએબેઠો.
૧૪૪૩ મહમદ મરણ પામવાથી આલમ પાદશાહ થયો.
૧૪૫૦ આલેમે પોતાની ખુશીથી પંજાબના સુબા બહીલોલને રાજ સોંપ્યું. ને બુદાયનમાં રહેવા ગયો.
૧૪૮૮ બહીલોલ મરણ પામ્યો ને સિંકદર પાદશાહ થયો.
૧૪૯૮ પોર્ટુગીજ લોકો હિંદમાં વેપાર કરવા સારૂ કાલીકટ બંદરે આવ્યા.
૧૫૧૬ સિકંદર મરણ પામવાથી ઇબ્રાહિમ પાદશાહ થયો.
૧૫૨૬ પાણીપતની ત્રીજી લઢાઈ—હિબ્રાહિમ લોદીને હરાવી બાબરે દિલ્લીનું રાજ લીધું.
૧૫૨૭ ફતેપુર સીક્રી આગળ બાબરે રાણા સંગને હરાવ્યો.
૧૫૩૦ બાબર મરણ પામ્યો ને હુમાયું પાદશાહ થયો.
૧૫૩૫ ગુજરાતના બહાદુરશાહને મંદેસર આગળ હુમાયુંએ હરાવ્યો.

૧૫૪૦ શીરખાંએ હુમાયુને હરાવી દિલ્લીની ગાદી લીધી.
૧૫૪૨ હુમાયુની બેગમ હમીદાએ ઉમરકોટમાં અકબરને જન્મ આપ્યો.
૧૫૪૫ કલીંજરમાં દારૂખાનુ સળગવાથી શીરખાં બળી મુઓ.
૧૫૫૩ સલીમશાહ મરણ પામ્યો ને આદિલી પાદશાહ થયો.
૧૫૫૬ આદિલીના વજીર હેમુને પાણીપત આગળ હુમાયુંએ હરાવ્યો.
૧૫૬૦ બેહેરામે બળવો કર્યો તેને અકબરે હરાવ્યો.
૧૫૬૮ ચિતોડ અકબરને તાબે થયું.
૧૫૭૩ અકબરે ગૂજરાતપ્રાંત જીત્યો.
૧૫૭૬ અકબરના સેનાપતિ ટોડરમલે બંગાળાપ્રાંત જીત્યો.
૧૫૯૨ અકબરે સિંધ તથા કંદહારપ્રાંત જીત્યા.
૧૫૯૯ અકબર અને ચાંદબીબી વચ્ચે લઢાઈ થઈ. ચાંદબીબીના લશ્કરમાં બળવોથવાથી કોઇએતેને મારી નાંખી.
૧૬૦૫ અકબર મરી ગયો. ને જહાંગીર પાદશાહ થયો.
૧૬૧૧ જહાંગીરે નૂરજહાં સાથે લગ્ન કર્યું.
૧૬૧૪ ખુરમ (શાહજહાં) એ ઊદેપુરના રાણા અમરસીંહને હરાવ્યો.
૧૬૧૫ સરટામસરો હિંદમાં આવ્યો.
૧૬૨૧ કંદહાર ઇરાનીલોકોએ જીત્યું.
૧૬૨૭ જહાંગીર મરી ગયો ને શાહજહાં ગાદી ઉપર બેઠો.
૧૬૩૦ ખાનજહાં લોદીએ બળવો કર્યાથી શાહજહાંએ હરાવી માર્યો.
૧૬૩૭ શાહજહાંએ અહમદનગર જીતી લીધું.
૧૬૫૭ શાહજહાંના દીકરા ઔરંગઝેબે બેદરનું રાજજીત્યું.

૧૬૫૮ દારાને ઔરંગઝેબે આગ્રા આગળ હરાવ્યો, ને શા-
હજહાંને કેદ કરી પાદશાહ થયો.

૧૬૫૯ દારા પકડાયો તેને ઔરંગઝેબે મારી નાંખ્યો.

૧૬૬૧ મુરાદને ઔરંગઝેબે મારી નાંખ્યો.

૧૬૬૩ શીવાજીએ સુરત શહેર પહેલીવાર લૂટયું.

૧૬૬૬ શાહજહાં કેદખાનામાં મરણ પામ્યો. અને શીવાજીને
તેનો દીકરો ઔરંગઝેબ કેદમાંથી છુપી રીતે નાશીગયા.

૧૬૭૦ શીવાજીએ સુરત શહેર બીજીવાર લૂટયું.

૧૬૭૪ શીવાજીએ રાજ્યાભિષેક કરી પોતાની તુલા સોનાથીકરી

૧૬૮૦ શીવાજી મરણ પામ્યો.

૧૬૮૮ ઔરંગઝેબે વિજાપૂર તથા ગોવલકોંડાનાં રાજ જીત્યાં.

૧૭૦૭ ઔરંગઝેબ ૮૯ વરસની ઊમરે અહમદનગરમાં મર
ણ પામ્યો.

૧૭૧૨ શાહઆલમ મરણ પામ્યો ને જુલફીકારખાંની મદ-
દથી જહાંદારશાહ પાદશાહ થયો.

૧૭૧૩ ફરૂખશીર જહાંદારશાહને મારી ગાદી ઊપર બેઠો.

૧૭૧૯ ફરૂખશીરને સૈયદહુસેને મારી નાંખ્યો.

૧૭૨૦ બાલાજી વિશ્વનાથ પેશ્વા મરણ પામ્યો.

૧૭૩૮ ઇરાનના બાદશાહ નાદિરે હિંદપર સ્વારી કરી દિલ્હી
લૂટી ૩૦ હજાર માણસોનો ઘાણ કાઢયો તથા ખજા
નો લૂટી કોહીનૂર, મયૂરાસન વગેરે લઈ ગયો.

૧૭૪૮ અહમદ દુરાનીએ હિંદપર સ્વારી કરી.

૧૭૫૧ અહમદશાહે મરેઠાની મદદથી રોહીલાને હરાવ્યા.

૧૭૫૨ અહમદદુરાની બીજીવાર આવ્યો તેને પંજાબ આપી

પાછો કાઢયો.

૧૭૫૬ અહમદદુરાની ત્રીજીવાર હિંદમાં આવ્યો ને દિલ્લી, મથુરાં લૂટી પાછો ગયો.

૧૭૬૧ મરેઠા ને દુરાની વચ્ચે પાણીપતમાં લઢાઇ થઇ.

૧૭૭૧ શાહલમ અંગ્રેજોના આશ્રા તળેથી નીકળી મરેઠાના રક્ષણમાં ગયો.

૧૮૦૩ અંગ્રેજોએ ફરીને શાહલમને કબજે કર્યો.

૧૮૦૬ શાહલમ બીજો મરણ પામ્યો ને અકબર બીજો ગાદી ઉપર બેઠો.

૧૮૩૭ અકબર બીજો મરણ પામ્યો ને મહમદ બહાદુર-શાહ પાદશાહ થયો.

૧૮૫૭ મહમદ બહાદુરશાહ બળવામાં સામેલ થવાથી અંગ્રેજોએ રંગુનમાં કેદ કર્યો.

૧૮૬૨ બહાદુરશાહ રંગુનમાં કેદખાનામાં મરણ પામ્યો.

હિંદમાં થએલી લઢાઇઓ.

સ્થાનેશ્વર—૧૧૯૧ પૃથુરાજે મહમદગોરીને હરાવ્યો.

પાણીપત—૧૧૯૩ મહમદગોરીએ (શાહબુદ્દીને) પૃથુરાને હરાવ્યો

પાણીપત—૧૫૨૬ બાબરે ઇબ્રાહિમ લોદીને હરાવ્યો.

સીક્રી——૧૫૨૭ બાબરે મેવાડના રાણાસંગને હરવ્યો.

પાણીપત—૧૫૫૬ અકબર તથા બેહેરામે હેમુને હરાવ્યો.

કાસી——૧૬૫૭ દારાએ સુજાને હરાવ્યો.

આગ્રા——૧૬૫૭ ઔરંગજેબે દારાને હરાવ્યો.

ઉજ્જન—૧૬૫૭ દારાના સરદાર જસવંતસિંહને મુરાદ તથા

ઔરંગઝેબે હરાવ્યો.

કજવા—૧૬૫૯ ઔરંગઝેબે સુજાને હરાવ્યો.

આગ્રા—૧૭૧૩ ફરૂખશીરે જહાંદારશાહને હરાવ્યો.

શાહપુર—૧૭૨૦ નિઝામે સૈયદ અબદલ્લાને હરાવ્યો.

ડભોઈ—૧૭૩૪ બાજીરાવે ત્રિંબકરાવ દાભાડેને હરાવ્યો.

કરનાલ—૧૭૩૮ નાદિરશાહે મુગલોને હરાવ્યા.

સરહિંદ—૧૭૪૮ મુગલોએ અહમદ દુરાની (અબદલી)ને હરાવ્યો.

પાણીપત—૧૭૬૧ અહમદ દુરાનીએ મરેઠાને હરાવ્યા.

વંશાવળી.

ખિજની વંશ. ૯૬૨-૧૧૮૬-૨૨૪

નામ.	ગાદીપરબેઠો.	મરીગયો.	રાજકર્યું.
૧ અલપ્તગીન	૯૬૨	૯૭૭	૧૫
૨ સબક્તગીન.	૯૭૭	૯૯૭	૨૦
૩ સુલતાનમહમદ.	૯૯૭	૧૦૩૦	૩૩
૪ મસાઉદ. (૧)	૧૦૩૦	૧૦૪૦	૧૦
૫ મોદુદ.	૧૦૪૦	૧૦૪૯	૯
૬ અબ્દુલહુસેન.	૧૦૪૯	૧૦૫૧	૨
અબદુલ રસીદ.	૧૦૫૧	૧૦૫૧	૭માસ
૮ ફરૂકઝાદ.	૧૦૫૧	૧૦૫૮	૭
૯ ઇબ્રાહીમ.	૧૦૫૮	૧૦૮૯	૩૧
૧૦ મસાઉદ (૨).	૧૦૮૯	૧૧૧૪	૨૫

૧૧	અરસલ્લાન..	૧૧૧૪	૧૧૧૮	૪
૧૨	બેહેરામ.	૧૧૧૮	૧૧૫૨	૩૪
૧૩	ખુશરૂ.	૧૧૫૨	૧૧૫૯	૭
૧૪	ખુશરૂમલેક.	૧૧૫૯	૧૧૮૬	૨૭

ગોરી વંશ. ૧૧૫૨–૧૨૧૨–૬૦

૧	અલ્લાઉદ્દીન.	૧૧૫૨	૧૧૫૬	૪
૨	સૈફુદ્દીન.	૧૧૫૬	૧૧૫૭	૧
૩	ગ્યાસુદ્દીન.	૧૧૫૭	૧૨૦૨	૪૫
૪	શાહબુદ્દીન.	૧૨૦૨	૧૨૦૬	૪
૫	મહમદગોરી.	૧૨૦૬	૧૨૧૨	૬

ગુલામ વંશ. ૧૨૦૬–૧૨૯૦–૮૪

૧	કુતબુદ્દીન.	૧૨૦૬	૧૨૧૦	૪
૨	આરામ.	૧૨૧૦	૧૨૧૦	થોડામાસ
૩	અલ્તમસ.	૧૨૧૦	૧૨૩૫	૨૫
૪	રૂકનુદ્દીન.	૧૨૩૫	૧૨૩૬	૧
૫	રજીઆબેગમ.	૧૨૩૬	૧૨૩૯	૩
૬	બેહેરામ.	૧૨૩૯	૧૨૪૧	૨
૭	અલ્લાઉદ્દીન. (મસાઊદ)	૧૨૪૧	૧૨૪૫	૪
૮	નાસરૂદ્દીન.	૧૨૪૫	૧૨૬૫	૨૦
૯	ગ્યાસુદ્દીન. (બલબન)	૧૨૬૫	૧૨૮૭	૨૨
૧૦	કૈકુબાદ.	૧૨૮૭	૧૨૯૦	૩

ખિલજી વંશ. ૧૨૯૦-૧૩૨૦-૩૦

૧ જલાલુદ્દીન.	૧૨૯૦	૧૨૯૫	૫
૨ અલાઉદ્દીન.	૧૨૯૫	૧૩૧૫	૨૦
૩ ઉમર.	૧૩૧૫	૧૩૧૬	૧
૪ મુબારક.	૧૩૧૬	૧૩૨૦	૪
૫ ખુશરૂ.	૧૩૨૦	૧૩૨૦	પાંચમાસ

તઘલખ વંશ ૧૩૨૦-૧૪૧૪-૮૪

૧ ગ્યાસુદ્દીન.	૧૩૨૦	૧૩૨૫	૫
૨ મહમદ (જુમાખાં)	૧૩૨૫	૧૩૫૧	૨૬
૩ ફીરોઝુદ્દીન.	૧૩૫૧	૧૩૮૮	૩૭
૪ ગ્યાસુદ્દીન. બીજો.	૧૩૮૮	૧૩૮૯	૧
૫ અબુબક્કર.	૧૩૮૯	૧૩૮૯	દોઢમાસ
૬ નાસરૂદ્દીન.	૧૩૮૯	૧૩૯૨	૩
૭ સિકંદર	૧૩૯૨	૧૩૯૨	એકમાસ
૮ મહમદ	૧૩૯૨	૧૪૧૨	૨૦
૯ સરદાર દોલતખાં	૧૪૧૨	૧૪૧૪	૨

સૈયદ વંશ.—૧૪૧૪-૧૪૫૦-૩૬

૧ ખીજરખાં.	૧૪૧૪	૧૪૨૧	૭
૨ મુબારક.	૧૪૨૧	૧૪૩૩	૧૨
૩ મહમૂદ.	૧૪૩૩	૧૪૪૩	૧૦
૪ આલમ.	૧૪૪૩	૧૪૫૦	૭

લોદી વંશ—૧૪૫૦–૧૫૨૬–૭૬

૧	બહીલોલખાં.	૧૪૫૦	૧૪૮૮	૩૮
૨	સિકંદર.	૧૪૮૮	૧૫૧૭	૨૯
૩	ઇબ્રાહિમ.	૧૫૧૭	૧૫૨૬	૯

મોગલ વંશ—૧૫૨૬–૧૮૫૭–૩૩૧

૧	બાબર.	૧૫૨૬	૧૫૩૦	૪
૨	હુમાયુ.	૧૫૩૦	૧૫૫૬	૨૬
૩	અકબર.	૧૫૫૬	૧૬૦૫	૪૯
૪	જહાંગીર.	૧૬૦૫	૧૬૨૭	૨૨
૫	શાહજહાં.	૧૬૨૭	૧૬૫૮	૩૧
૬	ઔરંગઝેબ (આલમગિર ૧લો.)	૧૬૫૮	૧૭૦૭	૪૯
૭	બહાદુરશાહ (શાહઆલમ ૧ લો.)	૧૭૦૭	૧૭૧૨	૫
૮	જહાંદારશાહ	૧૭૧૨	૧૭૧૩	૧
૯	ફરૂખશીર.	૧૭૧૩	૧૭૧૯	૬
૧૦	મહમદશાહ.	૧૭૧૯	૧૭૪૮	૨૯
૧૧	અહમદશાહ.	૧૭૪૮	૧૭૫૪	૬
૧૨	આલમગીરબીજો.	૧૭૫૪	૧૭૫૯	૫
૧૩	શાહઆલમબીજો.	૧૭૫૯	૧૮૦૬	૪૭
૧૪	અકબરબીજો.	૧૮૦૬	૧૮૩૭	૩૧
૧૫	મહમદ બહાદુરશાહ.	૧૮૩૭	૧૮૫૭	૨૦

સુર વંશ—૧૫૪૦-૧૫૫૬-૧૬

૧ શીરશાહ.	૧૫૪૦	૧૫૪૫	૫
૩ સલીમશાહ.	૧૫૪૫	૧૫૫૩	૮
૩ આદીલશાહ.	૧૫૫૩	૧૫૫૬	૩

મરેઠી વંશ—૧૬૬૪-૧૮૪૮-૧૮૪

૧ શીવાજી.	૧૬૬૪	૧૬૮૦	૧૬
૨ શંભાજી.	૧૬૮૦	૧૬૮૯	૯
૩ રાજારામ.	૧૬૮૯	૧૭૦૦	૧૧
૪ શીવાજીબીજો.	૧૭૦૦	૧૭૦૮	૮
૫ શાહુ.	૧૭૦૮	૧૭૪૮	૪૦
૬ રામરાજા.	૧૭૪૮	૧૭૭૭	૨૯
૭ શાહુબીજો.	૧૭૭૭	૧૮૧૮	૪૧
૮ બાલાસાહેબ.(પ્રતાપસિંગ	૧૮૧૮	૧૮૪૦	૨૨
[illegible]ાસાહેબ.(શાહજી)	૧૮૪૦	૧૮૪૮	૮

પેશ્વા. ૧૭૧૪-૧૮૧૮-૧૦૪

[illegible]જી વિશ્વનાથ.	૧૭૧૪	૧૭૨૦	૬
[illegible]ાવ ૧ લો.	૧૭૨૦	૧૭૪૦	૨૦
[illegible]જી બીજો.	૧૭૪૦	૧૭૬૧	૨૧
[illegible]રાવ	૧૭૬૧	૧૭૭૨	૧૧
[illegible]રાવ	૧૭૭૨	૧૭૭૩	૧
[illegible] માધવરાવ.	૧૭૭૪	૧૭૯૫	૨૧
[illegible]રાવ બીજો.	૧૭૯૫	૧૮૧૮	૨૩

ગૂજરાતના સ્વતંત્ર પાદશાહોનાં નામ.

મહમદશાહ ૧ લો.	૧૪૦૩
મુજફ્ફરશાહ ૧ લો.	૧૪૦૭
અહમદશાહ ૧ લો	૧૪૧૧
મહમદશાહ ૨ જો.	૧૪૪૧
કુતુબશાહ.	૧૪૫૧
દાઉદશાહ:	૧૪૫૯
મહમદશાહ (બેગડો) ૩ જો.	૧૪૫૯
મુજફ્ફરશાહ. ૨ જો.	૧૫૧૩
સિકંદરશાહ.	૧૫૨૬
મહમદશાહ ૪ થો.	૧૫૨૬
બહાદુરશાહ.	૧૫૨૬
મહમદશાહ. ૫ મો.	૧૫૮૬
અહમદશાહ ૨ જો.	૧૫૫૪
મુજફ્ફરશાહ. ૩ જો.	૧૫[illegible]